

# સંક્ષિપ્ત નંદીસૂત્ર

સંકલન: શોભનાબેન કામદાર

# સંક્ષિપ્ત નંદીસૂત્ર

સંકલનઃ  શોભનાબેન કામદાર

गुरुदेवो महेश्वर:।

પ્રકાશકઃ નીમાબેન કામદાર
ફોન નંબરઃ ૯૩૨૪૭૮૪૫૮૮
ઈ–મેલઃ seemakamdar18@gmail.com
જૂન ૨૦૧૪

# પ્રસ્તાવના

આ પુસ્તિકામાં 'નંદીસૂત્ર'ના જુદા જુદા પ્રકરણોના આધારે માહિતી આપવામાં આવી છે. આ સૂત્ર અંગબાહ્ય સૂત્રમાં – ઉત્કાલિક સૂત્ર તરીકે ઓળખાય છે. પાછળના આચાર્યોએ બનાવેલ છે તેમાં વિવિધ પ્રકારના જ્ઞાનો વિષે માહિતી આપી છે. પ્રત્યક્ષજ્ઞાન અને અપરોક્ષજ્ઞાનની માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

શરૂઆતમાં શ્રી આદિનાથ ભગવાનથી માંડી ચૌદ પૂર્વ ધર આચાર્યો, ત્યારબાદ થયેલા આચાર્યો વિષે સરસ માહિતી આપવામાં આવી છે. ત્યારબાદ શ્રોતાના ચૌદ પ્રકાર કહ્યા છે તેના ગુણધર્મ બતાવી શ્રેષ્ઠ શ્રોતા કોને કહેવાય તે જણાવેલ છે. શ્રેષ્ઠ શ્રોતા બોધને પરિણમાવી મુક્ત થયા છે તેમ કહ્યું છે. ત્રણ પ્રકારના પાત્ર જીવોની પરિષદ થાય છે તેમાં બે પ્રકારની પરિષદ સાધક માટે ઉપયોગી છે. ત્રીજા પ્રકારની પરિષદ નુકસાનકર્તા છે.

આ 'નંદીસૂત્ર'માં જ્ઞાનના ભેદ અને પ્રભેદ દર્શાવવામાં આવ્યા છે. તેમાં જ્ઞાનના મુખ્ય પાંચ ભેદ દર્શાવી કેવળજ્ઞાનમાં પ્રથમના ચાર સમાઇ જાય છે. પ્રથમના ચાર જ્ઞાન વિશુધ્ધતા પ્રમાણે નિર્મળ હોય છે, જયારે કેવળજ્ઞાન પૂર્ણપણે શુધ્ધ છે.

મતિ આદિ જ્ઞાનના ભેદો–પ્રભેદો સાથે સમજાવવાનો પુરુષાર્થ કરવામાં આવ્યો છે. તે મુખ્યતાએ વ્યવહારનયને અનુલક્ષી કરવામાં આવેલ છે. નિશ્ચયનયથી બધા જ્ઞાન કેવળજ્ઞાનમાં સમાયેલા છે. તેથી કેવળજ્ઞાન પ્રગટતા પ્રથમના ચાર જ્ઞાન તેમાં સમાઇ જતા માત્ર કેવળજ્ઞાન રહે છે. વ્યવહારનયથી આપેલ માહિતીનો ઉપયોગ કરી મુમુક્ષુ–સાધક પુરુષાર્થ કરી સમ્યકજ્ઞાન આદિ પ્રગટ કરવાનો પુરુષાર્થ કરશે તો આ પ્રયત્ન સફળ થયો ગણાશે.

જે વાચકોને 'નંદીસૂત્ર' વાંચવાની અનુકુળતા ન હોય તેમને આ પુસ્તિકા ઉપયોગી થઇ રહેશે.

**બ્ર. નિ. રસિકભાઇ ટી શાહ**

પ્રકરણ ૧

# પિતામહ આદિનાથ ભગવાનની સ્તુતિ

ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યરૂપ સંસારના તથા જીવોની ઉત્પત્તિ સ્થાનના જ્ઞાતા, જગદ્‌ગુરુ (સન્માર્ગ દાતા), ભવ્ય જીવોને આનંદ આપનારા, સ્થાવર અને જંગમ પ્રાણીઓના નાથ, વિશ્વબંધુ, ધર્મના ઉત્પાદક હોવાથી દરેક જીવોના ધર્મ પિતામહ સમાન અરિહંત ઋષભદેવ ભગવાનનો સદા જય હો, સદા જય હો!

જેણે ભૂતકાળમાં એક પર્યાયથી બીજા પર્યાયને પ્રાપ્ત કરી હતી, વર્તમાનમાં પ્રાપ્ત કરે છે અને ભવિષ્યમાં પ્રાપ્ત કરશે તેને જગત કહે છે. જગત પંચ અસ્તિકાય રૂપ છે અથવા છ દ્રવ્યાત્મક છે.

જીવ શબ્દથી ત્રસ અને સ્થાવર રૂપ સમસ્ત સંસારી પ્રાણીઓ સમજવાના છે, લોકમાં તે અનંત છે અને ત્રણેય કાળમાં તેનું અસ્તિત્વ છે જ.

ભગવાન જીવ અને જગતનું રહસ્ય પોતાના શિષ્ય સમુદાયને અને સમસ્ત પ્રાણીઓને સમજાવે છે.

ભગવાન જગતના જીવોને આનંદ દેનાર છે. અહિં મુખ્યત્વે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો સમજવા જોઈએ કારણકે સંજ્ઞી જીવો ભગવાનના દર્શન અને દેશનાનું શ્રવણ મળવાથી આનંદવિભોર બની જાય છે.

પ્રભુ સમસ્ત જીવોના યોગ અને ક્ષેમકારી છે. અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિને યોગ કહે છે અને પ્રાપ્ત વસ્તુની સુરક્ષાને ક્ષેમ કહે છે. ભગવાન અપ્રાપ્ત એવા સમ્યગ્‌દર્શન અને સંયમની પ્રાપ્તિ કરાવનાર છે. દુઃખથી રક્ષા કરાવનાર અને શાશ્વત મોક્ષસુખને પ્રાપ્ત કરાવનાર છે.

**મહાવીર સ્તુતિઃ**

સમગ્ર શ્રુતજ્ઞાનના ઉદ્‌ગમરૂપ મૂળસ્રોત (મહાવીર સ્વામી)જ્યવંત થાઓ. દરેક તીર્થંકર

શ્રુતજ્ઞાનના મૂળસ્રોત હોય છે. તેઓના દરેક વચન પણ શ્રોતાઓને શ્રુતજ્ઞાન રૂપે પરિણત થાય છે.

**મહાવીર પ્રભુના ચાર અતિશયઃ**

જ્ઞાનાતિશય યુક્ત, કષાય વિજયી, સુરાસુરો દ્વારા વંદિત અને કર્મરૂપ રજથી વિમુક્ત હોવાથી કલ્યાણ રૂપ છે.

**સંઘને ઉપમાઃ**

સુત્રકારે સંઘને નગરની, ચક્રની, રથની, પદ્મકમળની, ચંદ્રની, સમુદ્રની, મેરૂ પર્વતની ઉપમાથી ઉપમિત કરવામાં આવેલ છે. અને આઠ ઉપમાઓથી યુક્ત સંઘને વંદન કરેલ છે. આ રીતે સંઘનું વિશેષ મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

**ચોવીસ જીન સ્તુતિ અને વંદનઃ**

સુત્રકારે વર્તમાન અવસર્પિણી કાળના ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરેલ છે. તીર્થંકરનું પદ વિશ્વમાં સર્વોત્તમ ગણાય છે. તીર્થંકર દેવ ધર્મનીતિના મહાન પ્રવર્તક હોય છે. ભગવાન મહાવીર સ્વામી ચોવીસમા તીર્થંકર દેવ થયા. દરેક તીર્થંકર સાધુ–સાધ્વી અને શ્રાવક–શ્રાવિકા રૂપ તીર્થની સ્થાપના કરે છે. તેઓ ત્રણ લોકના પૂજનીય અને વંદનીય હોવાથી તેઓના કોઇ ગુરુ હોતા નથી. કારણ કે તેઓ સ્વયંબુદ્ધ હોય છે. તેમની સાધનામાં કોઇ સહાયક હોતા નથી. તેમને જન્મતાં જ ત્રણ જ્ઞાન હોય છે. તેઓ દિક્ષિત થાય કે તરત જ વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાન થાય છે. ઘાતિકર્મનો સર્વથા નાશ થતાં કેવળજ્ઞાન થાય છે. ત્યારબાદ ધર્મતીર્થની સ્થાપના કરે છે તેથી તીર્થંકર કહેવાય છે.

**અગિયાર ગણધરોઃ**

ભગવાન મહાવીરના અગિયાર પ્રધાન શિષ્ય હતા. તેમની પવિત્ર નામાવલિ આ પ્રમાણે છેઃ ૧) ઇન્દ્રિભૂતિજી ૨) અગ્નિભૂતિજી ૩) વાયુભૂતિજી ૪) વ્યક્તજી ૫) સુધર્માસ્વામી ૬) મંડિતપુત્રજી ૭) મૌર્યપુત્રજી ૮) અકંપિતજી ૯) અચલભ્રાતાજી ૧૦) મેતાર્યજી ૧૧) પ્રભાસજી

આ અગિયાર શિષ્યોએ ગણની સ્થાપના કરી. ગણના અંતર્ગત આવતા મુનિઓના અધ્યયન અને સંયમારાધનની સમસ્ત જવાબદારી સંભાળતા હતા. તેથી ગણધર કહેવાયા.

સુત્રાનુસાર ગણધરો કેવળજ્ઞાની તીર્થંકર ભગવાનની પ્રથમ દેશનામાં દીક્ષિત થઇ જાય છે અને દીક્ષિત થતાં તેઓને છ જીવનિકાય અને મહાવ્રતોનું વિસ્તૃત સ્વરૂપ ભગવાન પાસે સાંભળતા સમજતાં ગણધર લબ્ધિને કારણે શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે અને દ્વાદશાંગીનું જ્ઞાન ઉપલબ્ધ થઇ જાય છે. તેથી તેઓનું શ્રુતજ્ઞાન આત્માગમ કહેવાય છે.

આત્માગમ જ્ઞાન પણ કોઈને કોઇ નિમિત્તથી થઇ જાય છે. ગણધરોને પણ તીર્થંકરોની પાસે બોધ પામતાં અને દીક્ષિત થતાં દ્વાદશાંગીનું જ્ઞાન આત્માગમ પ્રગટ થઇ જાય છે.

જગતના પ્રત્યેક પદાર્થ પર્યાય દૃષ્ટિથી ઉત્પન્ન થાય છે અને નષ્ટ પણ થાય છે પરંતુ દ્રવ્ય દૃષ્ટિથી દરેક પદાર્થ ધ્રુવ–નિત્ય છે.

**વીર શાસનનો મહિમાઃ**

સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ અથવા પાપની નિવૃત્તિ રૂપ નિર્વાણપથના પ્રદર્શક, જીવાદિ સર્વ પદાર્થોના પ્રરૂપક અર્થાત્ સર્વભાવોના પ્રરૂપક અને કુદર્શનીઓના અહંકારના નાશક, જિનેન્દ્ર ભગવાન મહાવીરનું શાસન સદા–સર્વદા જયવંતુ વર્તો.

**અનુયોગધર સ્થવિરોને વંદનઃ**

**(૧-૪) સુધર્મા, જંબૂ, પ્રભવ અને શય્યંભવઃ**

ભગવાન મહાવીર સ્વામીના પંચમ ગણધર અગ્નિવેશ્યાયન ગોત્રી શ્રી સુધર્માસ્વામી હતા. તેના શિષ્ય કાશ્યપ ગોત્રી જંબૂસ્વામી થયા. તેના શિષ્ય કાત્યાયન ગોત્રીય પ્રભવ સ્વામી થયા. તેના શિષ્ય વત્સગોત્રીય શ્રી શય્યંભવ સ્વામી થયા. તે દરેક યુગપ્રધાન આચાર્ય પ્રવરોને હું વંદન કરૂં છું. તેમાં સુધર્માસ્વામી તથા જંબુસ્વામી કેવળજ્ઞાની થયા. બાકીના બે યુગપ્રધાન આચાર્ય થયા.

**(૫-૮) યશોભદ્ર, સંભૂતિવિજય, ભદ્રબાહુ, સ્થૂલીભદ્રઃ**

તુંગિક ગોત્રીય યશોભદ્રને, માઢર ગોત્રીય સંભૂતિવિજયને, પ્રાચીન ગોત્રીય ભદ્રબાહુજીને અને ગૌતમ ગોત્રીય સ્થૂલિભદ્ર સ્વામીને હું વંદન કરૂં છું.

આચાર્ય પ્રભવસ્વામી, શય્યંભવ સ્વામી, યશોભદ્રજી, સંભૂતિવિજયજી, ભદ્રબાહુ અને સ્થૂલિભદ્ર સ્વામી એ છ આચાર્ય ૧૪ પૂર્વોના જ્ઞાતા હતા.

**(૯-૧૨) મહાગિરિ, સુહસ્તી, બહુલ અને બલિસ્સહઃ**

એલાપત્ય ગોત્રીય આચાર્ય મહાગિરિ અને આચાર્ય સુહસ્તી ત્યાર પછી કૌશિક ગોત્રીય બહુલ અને બલિસ્સહને હું વંદન કરૂં છું.

**(૧૩-૧૬) સ્વાતિ, શ્યામ, શાંડિલ્ય અને જીતધરઃ**

હારિતગોત્રી આચાર્ય સ્વાતિ અને શ્યામ આર્યને તથા કૌશિક ગોત્રીય શાંડિલ્ય અને આર્ય જીતધરને હું વંદન કરૂં છું.

**(૧૭) આર્ય સમુદ્રઃ**

પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ ત્રણે દિશાઓમાં રહેલ લવણ સમુદ્રના ત્રણે ભાગમાં ખ્યાતિ પ્રાપ્ત તેથી વિવિધ દ્વીપ અને સમુદ્રોમાં પ્રધાનતા પ્રાપ્ત, ક્યારેય પણ ક્ષુબ્ધ ન થતાં સમુદ્રની સમાન ગંભીર આર્ય સમુદ્રજીને હું વંદન કરૂં છું.

**(૧૮) આર્ય મંગુઃ**

કાલિકસૂત્રની પ્રતિદિન સ્વાધ્યાય કરનાર, શાસ્ત્રાનુસાર ક્રિયા કલાપ કરનાર, ધર્મ ધ્યાનમાં સંલગ્ન; જ્ઞાન, દર્શન અન ચારિત્ર આદિ રત્નત્રયના ગુણોને દીપાવનાર અને શ્રુત સાગરના પારગામી તેમજ ધીરતા આદિ ગુણોની ખાણ, આચાર્યશ્રી આર્યમંગુજી મહારાજને હું વંદન કરૂં છું.

**(૧૯-૨૧) ધર્મ, ભદ્રગુપ્ત અને આર્ય વજ્રસ્વામીઃ**

આર્ય ધર્મજી મહારાજને, ત્યાર બાદ આચાર્ય શ્રી ભદ્રગુપ્તજી મહારાજને અને ત્યાર બાદ તપ, નિયમ, સંયમ આદિ ગુણોથી સંપન્ન વજ્ર સમાન દ્દઢ આચાર્ય વજ્ર સ્વામીને હું વંદન કરૂં છું.

**(૨૨) આર્ય રક્ષિતઃ**

જેઓએ દરેક સંયમી મુનિની અને પોતાના ચારિત્રની રક્ષા કરી અને જેઓએ રત્નની પેટી સમાન અનુયોગની રક્ષા કરી તે તપસ્વી રાજ આચાર્ય શ્રી આર્ય રક્ષિતજીને હું વંદન કરૂં છું.

**(૨૩) આર્ય નંદિલ ક્ષમાશ્રમણઃ**

જ્ઞાન, દર્શન, તપ અને વિનયાદિ ગુણોમાં સદા ઉદ્યમવંત અને રાગ–દ્વેષ રહિત પ્રસન્નમના આદિ અનેક ગુણોથી સંપન્ન, આર્ય નંદિલ ક્ષમાશ્રમણને હું વંદન કરૂં છું.

**(૨૪) આર્ય નાગહસ્તીઃ**

જે પ્રશ્નોના ઉત્તર પ્રદાન કરવામાં નિપુણ, ભાંગા બનાવવાની પદ્ધતિના વિશિષ્ટ જ્ઞાતા તેમજ કર્મપ્રકૃતિ–કર્મસિદ્ધાંતમાં અર્થાત્ તેની વિશેષ પ્રકારે પ્રરૂપણા કરવામાં પ્રધાન, એવા આચાર્ય નંદિલ ક્ષમાશ્રમણના પટ્ટધર શિષ્ય આચાર્ય શ્રી આર્ય નાગહસ્તીજીને હું વંદન કરૂં છું.

**(૨૫) રેવતિ નક્ષત્રઃ**

ઉત્તમ જાતિની અંજન ધાતુ તુલ્ય કાંતિવાન અને નિલમણિ સમાન કાંતિવાન આર્ય રેવતિ નક્ષત્રને હું વંદન કરૂં છું. તેમની દીક્ષા સમયે રેવતિ નક્ષત્રનો સંયોગ હતો તેથી તેમનું નામ રેવતિ નક્ષત્ર રાખ્યું.

**(૨૬) શ્રી સિંહ આચાર્યઃ**

જે અચલપુરમાં દીક્ષિત થયા હતા અને કાલિકશ્રુતની વ્યાખ્યા કરવામાં નિપુણ હતા તથા ધૈર્યવાન હતા તેમજ જેણે ઉત્તમ વાચક પદને પ્રાપ્ત કર્યુ હતું એવા બ્રહ્મદ્વીપિક શાખાથી ઉપલક્ષિત શ્રી સિંહ આચાર્યને હું વંદન કરૂં છું.

**(૨૭) સ્કંદિલાચાર્યઃ**

જેનો આ અનુયોગ એટલે સૂત્રાર્થની વાચના આજે પણ (દેવવાચકના સમયમાં) દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રમાં પ્રચલિત છે તેમજ ઘણા નગરોમાં તેનો યશ ફેલાયેલો છે, તે સ્કંદિલાચાર્યને હું વંદન કરુું છું.

**(૨૮) હિમવંત આચાર્યઃ**

સ્કંદિલાચાર્ય પછી હિમાલય સમાન વિસ્તૃત ક્ષેત્રમાં વિચરણ કરનાર અથવા મહાન વિક્રમવંત અસીમ ધૈર્યવાન અને પરાક્રમી, સુવિશાળ સ્વાધ્યાયના ધારક, આચાર્ય સ્કંદિલના સુશિષ્ય આચાર્ય શ્રી હિમવાનને હું વંદન કરૂં છું.

### (૨૯) નાગાર્જુનાચાર્યઃ

કાલિક સુત્રો સંબંધી અનુયોગના ધારક, ઉત્પાદ આદિ પૂર્વોના જ્ઞાતા, હિમવંત પર્વત સમા મહાન ક્ષમાશ્રમણ નાગાર્જુનાચાર્યને હું વંદન કરૂં છું.

### (૩૦) નાગાર્જુન વાચકઃ

મૃદુ, કોમળ, આર્જવ વગેરે ગુણોથી સંપન્ન, દીક્ષા પર્યાયના ક્રમથી અથવા સૂત્ર અધ્યયના ક્રમથી, વાચકપદને પ્રાપ્ત થયેલ, ઓઘ શ્રુત અર્થાત્ ઉત્સર્ગ વિધિનું સમ્યક્ પ્રકારે આચરણ કરનાર એવા વિશિષ્ટ ગુણસંપન્ન શ્રી નાગાર્જુન વાચકજીને હું વંદન કરૂં છું.

### (૩૧) આચાર્ય ગોવિંદઃ

જેમ સર્વ દેવોમાં ઈન્દ્ર પ્રધાન હોય છે તેમ તત્કાલીન અનુયોગધર આચાર્યોમાં ગોવિંદાચાર્ય પણ ઈન્દ્ર સમાન પ્રધાન (પ્રમુખ) હતા. તેઓશ્રી ક્ષમાપ્રધાન દયાવાન હતા કેમ કે અહિંસાની આરાધના ક્ષમાશીલ વ્યક્તિ જ કરી શકે છે. તેથી ક્ષમા અને દયા બન્ને પદ પરસ્પર અન્યોઅન્ય આશ્રયી છે. એક વિના બીજાનો અભાવ રહે છે. સમગ્ર આગમ સાહિત્યના વેત્તા હોવાથી તેની વ્યાખ્યાન શૈલી અદ્વિતીય હતી.

### (૩૨) આચાર્ય ભૂતદિન્નઃ

ત્યાર બાદ તપ અને સંયમની આરાધના તેમ જ તેના પાલનમાં પ્રાણાંત કષ્ટ તેમજ ઉપસર્ગ આવવા છતાં સદા ખેદરહિત–પ્રસન્ન રહેનાર, પંડિત જનોથી સન્માનીય, સંયમની ઉત્સર્ગ અને અપવાદ વિધિના વિશેષ જ્ઞાતા ઈત્યાદિ ગુણયુક્ત આચાર્ય ભૂતદિન્નને હું વંદન કરૂં છું.

### (૩૩) લાહિત્ય આચાર્યઃ

નિત્ય અને અનિત્ય રૂપથી વસ્તુતત્ત્વને સમ્યક્ રીતે જાણનારા અર્થાત્ ન્યાયશાસ્ત્રના ગણમાન્ય પંડિત, સુવિજ્ઞાત સુત્રાર્થને ધારણ કરનારા અને ભગવત્ પ્રરૂપિત સદ્ભાવોને યથાતથ્ય પ્રકાશનારા એવા શ્રી લોહિત્ય નામના આચાર્યને હું પ્રણામ કરૂં છું.

**(૩૪) આચાર્ય દૂષ્યગણીઃ**

શાસ્ત્રોના અર્થ અને મહાઅર્થની ખાણ સમાન અર્થાત્ અનુયોગ પદ્ધતિ દ્વારા આગમની વ્યાખ્યા કરવામાં કુશળ, સુસાધુઓને શાસ્ત્રની વાચના, જ્ઞાનદાન દેવામાં અને શિષ્યો દ્વારા પૂછાયેલા વિષયોનું સમાધાન શાંતિથી કરવામાં દક્ષ અને પ્રકૃતિથી મધુરભાષી એવા આચાર્ય દૂષ્યગણીને હું સન્માનપૂર્વક પ્રણામ કરૂં છું.

તપ, નિયમ, સત્ય, સંયમ, વિનય, સરળતા, ક્ષમા, નમ્રતા આદિ શ્રમણધર્મમાં સંલગ્ન, શીલ ગુણોથી વિખ્યાત અને તત્કાલિન યુગમાં અનુયોગની શૈલીથી વ્યાખ્યા કરવામાં યુગપ્રધાન; સેંકડો આગંતુક જિજ્ઞાસુ શ્રમણો દ્વારા નમસ્કૃત-સેવિત, શુભ ચિહ્નોથી અંકિત તથા સુકુમાર અને સુકોમળ છે જેના ચરણતળ એવા પ્રવચન પ્રભાવક આચાર્ય દેવ દૂષ્યગણીના ચરણોમાં હું પ્રણામ કરૂં છું.

**અવશેષ અનુયોગધરોને વંદનઃ**

દેવવાચકજીએ કાલિક શ્રુતાનુયોગના ધર્તા પ્રાચીન તેમજ તદ્‌યુગીન અન્ય આચાર્યો કે જેઓનો નામોલ્લેખ નથી કર્યો, તેમને પણ સવિનય શ્રદ્ધાપૂર્વક વંદન કરીને જ્ઞાનની પ્રરૂપણા કરવાની પ્રતિજ્ઞા લીધી. તેનાથી એમ સિદ્ધ થાય છે કે જે આચાર્યોની સ્તુતિ કરવામાં આવી છે, તે પણ કાલિકશ્રુત અને અનુયોગના ધારણકર્તા હતા. આવા વિશિષ્ય અનુયોગધર આચાર્યોની સ્તુતિ કરવામાં આવી છે, તેમાં કેટલાક સમકાલીન પણ છે અને કેટલાક પાટાનુપાટવાળા પણ છે. તાત્પર્ય કે અહીં વર્ણવેલ સ્તુતિ કોઇ પરંપરા પટ્ટાવલિ નથી. માત્ર બહુશ્રુત અનુયોગધરોની સ્તુતિ છે. આ બધા આચાર્યો અંગશ્રુત અને કાલિકશ્રુત ધર્તા ઉદ્‌ભટ વિદ્વાન હતા. વિશિષ્ટ બુદ્ધિ વડે સુશોભિત હતા.

દેવવાચકજી એ અંગશ્રુત, કાલિકશ્રુત તેમજ 'જ્ઞાન પ્રવાહ' પૂર્વ રૂપ મહોદધિથી સંકલન કરીને જ્ઞાનના વિષયને લઇને આ સૂત્રની રચના કરી છે.

**દેવવાચકજી કોણ હતા?**

દેવવાચક દૂષ્યગણિના શિષ્ય હતા. તેમનું નામ દેવેન્દ્ર મુનિ હતું. અને સમયાંતરે તેઓએ વાચક પદ પ્રાપ્ત કર્યું હતું. પછી જ તેઓ દેવર્ધિગણી ક્ષમાશ્રમણ બન્યા.

પ્રકરણ ૨

# શ્રોતા અને પરિષદ

શ્રોતાઓના ચૌદ દૃષ્ટાંતઃ ૧) ચીકણો ગોળ પત્થર અને પુષ્પકરાવર્ત મેઘ, ૨) માટીનો ઘડો, ૩) ચાળણી, ૪) ગરણી, ૫) હંસપક્ષી, ૬) મેષ, ૭) મહિષ, ૮) મશક, ૯) જળો, ૧૦) બિલાડી, ૧૧) ઊંદર, ૧૨) ગાય, ૧૩) ભેરી, ૧૪) આહિર દંપતિ.

આ ચૌદ પ્રકારના શ્રોતા જનો હોય છે.

જે જિતેન્દ્રિય હોય, વિશુદ્ધ ચારિત્ર્યવાન હોય, ક્ષમાશીલ હોય, સદાચારી હોય, તેમજ સત્યપ્રિય હોય એવા ગુણોથી યુક્ત વ્યક્તિ જ શ્રુતજ્ઞાનનો લાભ મેળવવાનો અધિકારી હોય છે.

આ ગુણોથી વિપરીત જે દુષ્ટ, મૂઢ અને હઠાગ્રહી હોય તે કુપાત્ર છે. તેવા લોકો શ્રુતજ્ઞાનના અધિકારી નથી બની શકતા.

અહિં સૂત્રકારે શ્રોતાઓની ચૌદ ઉપમાઓ આપી છે, તે આ પ્રમાણે છેઃ

૧) ચીકણો ગોળ પત્થર અને પુષ્પકરાવર્ત મેઘઃ મગ જેવા ગોળ અને ચીકણા પત્થર પર સાત અહોરાત્ર પર્યંત નિરંતર મૂશળધાર વરસાદ વરસતો રહે તો પણ તે પત્થર અંદરથી ભીંજાતો નથી. એ જ રીતે આ પત્થર જેવા શ્રોતાઓ તીર્થંકર કે શ્રુતકેવળી આદિના ઉપદેશથી પણ સન્માર્ગ પર આવી શકતા નથી.

૨) ઘડોઃ ઘડા બે પ્રકારના હોય છે – કાચા અને પાકા. અગ્નિથી જેને પકાવેલા નથી એવા કાચા ઘડામાં પાણી ટકી શકતું નથી. એ જ રીતે અબુધ શિષ્યના હૃદયમાં શ્રુતજ્ઞાન ટકી શકતું નથી.

પાકા ઘડા પણ બે પ્રકારના હોય છે. નવા અને જુના. એમાં નવા ઘડા શ્રેષ્ઠ છે. નવા ઘડામાં નાખેલુ ગરમ પાણી પણ થોડા સમયમાં ઠંડુ થઇ જાય છે. એ જ રીતે લઘુવયમાં દિક્ષિત થયેલ મુનિના હૃદયમાં સીંચેલ સંસ્કાર સુંદર પરિણામ લાવે છે.

જુના ઘડા પણ બે પ્રકારના છે. એક ઘડો પાણીથી ભરેલો છે અને બીજો કોરો છે. ઘડામાં પ્રતિદિન પાણી ભરવાથી તે જુનો અર્થાત્ રીઢો થઇ જાય છે. એમ કેટલાક શ્રોતાઓ યુવાવસ્થાથી જ મિથ્યાત્વની કાલિમાથી યુક્ત બની જાય છે. તેને ઉપદેશની કોઇ અસર થતી જ નથી પણ કોરા ઘડા જેવા શ્રોતાનું હ્રદય ઉપદેશ રૂપ પાણીથી ભીંજાય છે.

૩) ચાળણીઃ ચાળણીમાં પાણી ભરાઇને તત્કાળ નીકળી જાય છે, એવી જ રીતે શ્રોતા ઉપદેશ અને જ્ઞાનને સાંભળીને તુરત જ ભૂલી જાય છે, તે ચાળણી જેવા શ્રોતા છે.

૪) પરિપૂર્ણકઃ ગરણી. જેના વડે દૂધ અને પાણી ગાળવામાં આવે તો તે સારને છોડીને કચરા વગેરેને પોતાનામાં રાખે છે. એ જ રીતે કેટલાક શ્રોતા સાર પદાર્થને છોડીને અસારને ગ્રહણ કરે છે. એવા શ્રોતા શ્રુતજ્ઞાનના અધિકારી બની શકતા નથી.

૫) હંસઃ પક્ષીઓમાં હંસને શ્રેષ્ઠ કહેલ છે. હંસ પ્રાયઃ માનસરોવર અથવા ગંગા નદીના કિનારા પર રહે છે. હંસની એક વિશેષતા છે કે તે દૂધ મિશ્રિત પાણીમાંથી દૂધના જ અંશને ગ્રહણ કરે છે. એમ કેટલાક શ્રોતા ગુણગ્રાહી હોય છે. તે શ્રુતજ્ઞાન અધિકારી બની શકે છે.

૬) મેષઃ બકરી આગળના બન્ને ગોઠણને જમીન પર ટેકવીને સ્વચ્છ પાણી પીએ છે. તે પાણીને ગંદુ કરતી નથી. એ જ રીતે જે શ્રોતા એકાગ્રચિત્તે શાસ્ત્ર શ્રવણ કરી ગુરુને પ્રસન્ન કરે છે અને વાતાવરણને સ્વચ્છ રાખે છે, તેવા શ્રોતા શાસ્ત્ર શ્રવણના અધિકારી અને સુપાત્ર કહેવાય છે.

૭) મહિષઃ ભેંસ જળાશયમાં પડીને સ્વચ્છ પાણી ગંહુ બનાવી દે છે. તેમજ જળમાં મળ-મૂત્ર પણ કરે છે. તે સ્વયં સ્વચ્છ પાણી પીએ નહિં અને સાથીઓને સ્વચ્છ પાણી પીવા પણ ન દે. એ જ રીતે અવિનીત શ્રોતા ભેંસ જેવા છે. જયારે આચાર્ય ભગવાન શાસ્ત્રવાચના દઇ રહ્યા હોય ત્યારે ન તો તે એકાગ્ર ચિત્તે સાંભળે કે ન અન્યને સાંભળવા દે. તેઓ હાંસી, મશ્કરી, તોફાન, કુતર્ક અને વિતંડાવાદમાં પડીને અમૂલ્ય સમય નષ્ટ કરે છે. એવા શ્રોતા શ્રુતજ્ઞાનના અધિકારી બની શકતા નથી.

૮) મશકઃ ડાંસ-મચ્છરોનો સ્વભાવ મધુર રાગ (ગણગણાટ) સંભળાવીને શરીર પર ડંખ મારવાનો છે. એ જ રીતે શ્રોતા ગુરુની નિંદા કરીને તેને કષ્ટ પહોંચાડે છે, તેવા શ્રોતા શ્રુતજ્ઞાનના અધિકારી બની શકતા નથી.

૯) જલૌકાઃ જળો મનુષ્યના શરીરમાં ગૂમડા આદિ ખરાબ ભાગ પર મૂકવાથી તે સડેલા ભાગમાંથી ખરાબ લોહીને જ પીએ છે. ઇતડી ગાયના આંચળમાં રહે છે, તે ગાયનું લોહી પીએ છે પણ દૂધ પીતી નથી. એ રીતે કેટલાક શ્રોતા આચાર્ય આદિના સદ્ગુણો અર્થાત્ આગમજ્ઞાનને છોડીને દુર્ગુણોને ગ્રહણ કરે છે. એવા શ્રોતા શ્રુતજ્ઞાનના અધિકારી બની શકતા નથી.

૧૦) બિલાડીઃ બિલાડીનો સ્વભાવ દહીં–દૂધ આદિ ભરેલા પદાર્થોને નીચે પછાડીને પછી ચાટવાનો છે. અર્થાત્ ધૂળયુક્ત પદાર્થોનો આહાર કરે છે. એ જ રીતે કેટલાક શ્રોતા ગુરુ પાસેથી પ્રત્યક્ષ જ્ઞાન લેતા નથી પરંતુ બીજા ત્રીજા આગળથી સાંભળીને અર્થાત્ સત્યાસત્યનો ભેદ સમજયા વગર જ ગ્રહણ કરે છે. આવા શ્રોતા શ્રુતજ્ઞાનના અધિકારી બની શકતા નથી.

૧૧) જાહગઃ જાહગ એક ઉંદર જેવું પશુ છે. દૂધ દહીં આદિ ખાદ્ય પદાર્થ જયાં હોય છે ત્યાં જઇને થોડું થોડું ખાય છે, ખાતા ખાતા વચ્ચે આજુબાજુમાં ચાટીને સાફ કરી દે છે. એ જ રીતે જે શિષ્ય પૂર્વે ગ્રહણ કરેલ સૂત્રાર્થને પાકા રાખે છે અને વચ્ચે વચ્ચે નવિન સૂત્રાર્થને ગ્રહણ કરે છે, એવા શ્રોતા આગમજ્ઞાનના અધિકારી બને છે.

૧૨) ગાયઃ કોઇ યજમાને ચાર બ્રાહ્મણોને એક દૂઝણી ગાય દાનમાં આપી. એ ચારે ય બ્રાહ્મણોએ ગાયને ક્યારે ય ઘાસ કે પાણી આપ્યું નહિં. તેઓ એમ સમજતા હતા કે આ ગાય મારા એકલાની તો નથી, ચારે ય ની છે. તેઓ દોહવાના સમયે મોટું વાસણ લઇને આંચળ ધમધમાવીને દૂધ લઇ લેતા હતા. આખર ભૂખી ગાય ક્યાં સુધી દૂધ આપે? ક્યાં સુધી જીવિત રહે? પરિણામે ભૂખી–તરસી ગાયે એક દિવસ પ્રાણ છોડી દીધા.

એ જ રીતે કેટલાક શ્રોતા વિચારે કે ગુરુદેવ મારા એકલાના તો નથી ને? પછી શા માટે મારે તેમની સેવા કરવી જોઇએ? પરંતુ ઉપદેશ સાંભળવા માટે દોડી જાય છે. એવા શ્રોતા શ્રુતજ્ઞાનને ગ્રહણ કરી શકતા નથી.

વિનીત શ્રોતા ગુરુની સેવા કરીને, મીઠા શબ્દોથી ગુરુને પ્રસન્ન કરીને તેમની પાસેથી જ્ઞાન ગ્રહણ કરે છે. અને રત્નત્રયની આરાધના કરીને અજર અમર બની શકે છે.

૧૩) ભેરીઃ એક વખત કોઇ દેવે શ્રીકૃષ્ણ પર પ્રસન્ન થઇને દિવ્ય ભેરીની ભેટ આપી. અને કહ્યું કે આ ભેરીને છ મહિના પછી વગાડવાથી મધમીઠો અવાજ નીકળશે અને ભેરીનો

અવાજ સાંભળવાથી કોઇ પણ પ્રકારનો રોગ ઉત્પન્ન થશે નહિં અને પહેલાનો ઉત્પન્ન થયેલો રોગ નષ્ટ થઇ જશે.

થોડા સમય પછી દ્વારિકામાં કોઇ રોગ ફેલાયો. ભેરી વગાડવામાં આવી અને લોકોનો રોગ નષ્ટ થઇ ગયો.

આ દ્દષ્ટાંતનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ

અહિં આર્યક્ષેત્રરૂપ દ્વારિકા નગરી છે. તીર્થંકરરૂપ શ્રી કૃષ્ણ વાસુદેવ છે. ભેરી સમાન જીનવાણી છે. ભેરી વગાડનાર સમાન સાધુઓ છે. અને કર્મરૂપ રોગ છે.

જે જિનવચન અનુસાર આચરણ કરે છે. તે મોક્ષના અનંત સુખના અધિકારી બને છે.

૧૪) આહીર દંપતીઃ આહીર દંપતી ઘીના ઘડા ભરીને વેચવા માટે શહેર ગયા. અસાવધાનીને કારણે એક ઘડો નીચે પડી ગયો. ઘી જમીન પર ઢોળાઇ ગયુ. બન્ને અરસ-પરસ ઝઘડો કરવા લાગ્યા. ઘી વેચવાનું મોડું થઇ ગયું તેથી ઘર તરફ રવાના થયા. રસ્તામાં ચોરોએ લૂટી લીધા.

આ રીતે કેટલાક શ્રોતાઓ આચાર્યના કથન પર ઝઘડો કરીને શ્રુતજ્ઞાન રૂપી ઘી ખોઇ બેસે છે. કેટલાક શ્રોતાઓ આચાર્ય પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવામાં ભૂલ થાય તો ક્ષમાયાચના કરી, સૂત્રાર્થ ગ્રહણ કરે છે. આવા શ્રોતાઓ શ્રુતજ્ઞાનના અધિકારી બની શકે છે.

ત્રણ પ્રકારની પરિષદઃ

શ્રોતાઓની પરિષદ ત્રણ પ્રકારની છેઃ ૧) જાણનાર પરિષદ ૨) અજાણ પરિષદ ૩) દુર્વેદજ્ઞ પરિષદ

જેમ ઉત્તમ જાતિનો રાજહંસ પાણીને છોડીને દૂધનું પાન કરે છે તેમ ગુણસંપન્ન શ્રોતાઓ દુર્ગુણોને છોડીને ગુણોનું ગ્રહણ કરે છે. આવા શ્રોતાઓની પરિષદને જાણનાર (સમજુ) પરિષદ સમજવી.

જે શ્રોતાઓ હરણના, સિંહના, કૂકડાના બચ્ચાઓની જેમ સ્વભાવથી જ મધુર,

સરળહૃદયી અને ભોળા હોય છે, તેને જેવી શિક્ષા આપવામાં આવે તેવી ગ્રહણ કરી લે છે. તેઓ ખાણમાંથી નીકળેલા રત્નોની જેમ સંસ્કારહીન હોય છે. એવા અબુધજનોના સમુહને અજાણ પરિષદ કહે છે.

જે અલ્પજ્ઞ પંડિત જ્ઞાનમાં સંપૂર્ણ હોય છે. પરંતુ અપમાનના ભયથી કોઈ પણ વિદ્વાન પાસે શંકાનું સમાધાન કરતા નથી. આવા પંડિતો પોતાની પ્રશંસા સાંભળીને મિથ્યાભિમાનથી ફૂલ્યા કરે છે. આવા લોકોને દુર્વેદજ્ઞ પરિષદ કહે છે.

ઉપરની ત્રણેય પરિષદમાં જાણનાર પરિષદ – વિજ્ઞ પરિષદ સૂત્રજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સર્વ પ્રકારે શ્રેષ્ઠ છે. બીજી પરિષદ પણ સંસ્કાર દેવાથી શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે પરંતુ ત્રીજી દુર્વેદજ્ઞ પરિષદ શાસ્ત્રજ્ઞાનને માટે અપાત્ર છે.

પ્રકરણ ૩

# જ્ઞાનના ભેદ પ્રભેદ

જ્ઞાન પાંચ પ્રકારના પ્રતિપાદિત કરેલ છેઃ ૧) અભિનિબોધિક જ્ઞાન (મતિજ્ઞાન) ૨) શ્રુતજ્ઞાન ૩) અવધિજ્ઞાન ૪) મનઃપર્યવજ્ઞાન ૫) કેવળજ્ઞાન

જ્ઞાન મોક્ષનું મુખ્ય અંગ છે. જ્ઞાન અને દર્શન આત્માના નિજગુણ છે. વિશુદ્ધ દશામાં આત્મા પરિપૂર્ણ જ્ઞાતા–દૃષ્ટા હોય છે. જ્ઞાનના પૂર્ણ વિકાસને મોક્ષ કહે છે.

આત્માને જ્ઞાનવરણીય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી તે જે તત્ત્વનો બોધ થાય તે જ્ઞાન. જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થનાર જ્ઞાનને કેવળજ્ઞાન કહેવાય છે. તે ક્ષાયિક છે, બાકીના ચાર જ્ઞાન ક્ષયોપશમિક છે.

જે જ્ઞાન સાક્ષાત્ આત્માથી ઉત્પન્ન થાય, તેને પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે. અને જે જ્ઞાન ઇન્દ્રિય, મનની સહાયતાથી પ્રાપ્ત થાય તેને પરોક્ષજ્ઞાન કહેવાય છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સમસ્ત સંસારી જીવોને ન્યુનાધિક માત્રામાં હોય છે.

જે જ્ઞાન પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા ઉત્પન્ન થાય તેને મતિજ્ઞાન કહેવાય છે.

કોઇ પણ શબ્દનું શ્રવણ કરવાથી વાચ્ય–વાચકભાવ સંબંધના આધાર વડે અર્થની જે ઉપલબ્ધિ થાય તેને શ્રુતજ્ઞાન કહે છે.

ઇન્દ્રિય અને મનની સહાયતા વિના કેવળ આત્મા દ્વારા જ રૂપી પદાર્થનો સાક્ષાત્કાર કરી લે, તેને અવધિ જ્ઞાન કહે છે.

સમનસ્ક સંજ્ઞી જીવોના મનના પર્યાયોને જે જ્ઞાન દ્વારા જાણી શકાય તેને મનઃપર્યવજ્ઞાન કહે છે. મનની પર્યાય કોને કહેવાય? જયારે ભાવમન કોઇ પણ વસ્તુનું ચિંતન કરે ત્યારે તેને ચિંતનીય વસ્તુ અનુસાર ચિંતનકાર્યમાં સંલગ્ન દ્રવ્ય મન પણ ભિન્ન ભિન્ન પ્રકારની આકૃતિઓ ધારણ કરે છે, તે આકૃતિને મનની પર્યાય કહે છે.

મનઃ પર્યવ જ્ઞાન મન અને તેની પર્યાયને જ્ઞાન દ્વારા સાક્ષાત્ કરી લે છે, પરંતુ ચિંતનીય પદાર્થને તે અનુમાન દ્વારા જ જાણે છે, પ્રત્યક્ષ નહિં.

જે જ્ઞાન ઉત્પન્ન થતાં પહેલાંના ક્ષયોપશમજન્ય જ્ઞાન તે એકમાં વિલિન થઇ જાય અને કેવળ એક જ શેષ બચે તેને કેવળજ્ઞાન કહે છે.

ચાર ક્ષયોપશમિક જ્ઞાન શુદ્ધ બની શકે વિશુદ્ધ નહિં, વિશુદ્ધ એક કેવળજ્ઞાન જ હોય છે કેમ કે તે શુદ્ધ આત્માનું સ્વરૂપ છે.

ક્ષયોપશમિક જ્ઞાનમાં રાગ, દ્વેષ, ક્રોધ, લોભ તેમજ મોહ આદિનો અંશ વિદ્યમાન રહે છે પરંતુ કેવળજ્ઞાન એ સર્વથી સર્વથા રહિત છે.

ઉપરના પાંચ પ્રકારના જ્ઞાનમાં પહેલા બે જ્ઞાન પરોક્ષ છે અને અંતિમ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ છે.

પ્રકરણ ૪

# અવધિજ્ઞાન

અવધિજ્ઞાનના બે ભેદ કહ્યા છેઃ ૧) ભવપ્રત્યયિક અને ૨) ક્ષાયોપશમિક

ભવપ્રત્યયિક અવધિજ્ઞાન જન્મ લેતી વખતે જ થાય છે. તે પ્રાપ્ત કરવા માટે સંયમ, તપ અને અનુષ્ઠાનાદિની આવશ્યકતા રહેતી નથી. ક્ષાયોપશમિક જ્ઞાનની પ્રાપ્તિ માટે ઉપરના કારણોની આવશ્યકતા રહે છે.

ભવપ્રત્યયિક અવધિજ્ઞાન દેવો અને નારકોને હોય છે. ક્ષાયોપશમિક અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયને હોય છે. તેને ''ગુણ પ્રત્યયઃ અવધિજ્ઞાન'' પણ કહે છે.

અવધિજ્ઞાની રૂપી દ્રવ્યોને જ જાણી શકે છે, અરૂપીને નહિં. પરમ અવધિજ્ઞાની પરમાણુંને પણ જાણી શકે છે, તે કેવળજ્ઞાન થવાના અંતર્મુહૂર્ત પહેલા ઉત્પન્ન થાય છે.

જયારે સાધકને ચારિત્ર્ય મોહનીય કર્મનો ઉદય થાય છે ત્યારે આત્મામાં અશુભ વિચારો આવે છે. જયારે સર્વવિરતિ, દેશવિરતિ અને અવિરત–સમ્યગ્દષ્ટિ સંકલિષ્ટ પરિણામી બની જાય છે કે તેના ચારિત્ર્યમાં હાનિ થાય છે ત્યારે તેને પ્રાપ્ત થયેલું અવધિજ્ઞાન ક્ષીણ થતું જાય છે.

પ્રશસ્ત વિચારોમાં રહેનાર અને સંયમ ભાવમાં રહેનાર આત્માના અધ્યવસાયોની વિશુદ્ધિ થતાં અને ચારિત્ર્ય પરિણામોની પણ વિશુદ્ધિ થતાં, તેના અવધિજ્ઞાનની સર્વ દિશાઓમાં, ચારે બાજુ વૃદ્ધિ થાય છે.

અવધિજ્ઞાન છ પ્રકારે છેઃ ૧) આનુગામિક ૨) અનાનુગામિક ૩) વર્ધમાનક ૪) હીયમાન ૫) પ્રતિપાતિક ૬) અપ્રતિપ્રાતિક

આનુગામિકઃ અવધિજ્ઞાની જયાં જાય છે ત્યાં તેની સાથે જ જાય છે. આ જ્ઞાન કોઇ એક ક્ષેત્રથી સંબંધિત નથી.

અનાનુગામિકઃ તે જ્ઞાન જ્ઞાતાના સ્થાનાંતર સાથે ન જાય અને અમુક ક્ષેત્રથી જ સંબંધિત રહે છે.

વર્ધમાનકઃ જેમ જેમ પરિણામમાં વિશુદ્ધિ વધતી જાય છે તેમ તેમ અવધિજ્ઞાન પણ વૃદ્ધિ પામતું જાય છે.

હીયમાનઃ વિશુદ્ધ પરિણામો ઓછા થવાથી અવધિજ્ઞાન પણ હીન થતું જાય છે.

પ્રતિપાતિકઃ જેમ દિપકમાં તેલ ન રહેવાથી દીપક બુઝાઈ જાય છે તેમ અવધિજ્ઞાન પણ ક્યારેક નષ્ટ થઈ જાય છે.

અપ્રતિપાતિકઃ જે અવધિજ્ઞાન કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવે અને આખા ભવમાં પતનશીલ ન હોય.

અનુગામિક અવધિજ્ઞાનના બે પ્રકાર છેઃ ૧) અંતગત ૨) મધ્યગત

અંતગત અવધિજ્ઞાનના ત્રણ પ્રકાર છેઃ ૧) પુરતઃ અંતગત – આગળથી અંતગત ૨) માર્ગતઃ અંતગત – પાછળથી અંતગત ૩) પાર્શ્વતઃ અંતગત – બન્ને બાજુથી અંતગત અવધિજ્ઞાનનું જઘન્ય ક્ષેત્ર – સુક્ષ્મ નિગોદમાં જન્મ ગ્રહણ કર્યાને ત્રણ સમય થયા હોય અને જે જીવ આહારક બની ગયા હોય એવા સમયે તે જીવની જેટલી ઓછામાં ઓછી અવગાહના હોય છે, તેટલા પ્રમાણમાં જઘન્ય અવધિજ્ઞાનનું ક્ષેત્ર હોય છે.

આત્મા અસંખ્યાત પ્રદેશી છે. તે પ્રદેશનો સંકોચ અને વિસ્તાર કાર્મણ કાયયોગથી થાય છે. એ પ્રદેશો એટલા બધા સંકુચિત થઈ જાય છે કે તે સુક્ષ્મ નિગોદ જીવના શરીરમાં પણ રહી શકે છે અને જયારે એ વિસ્તારને પામે છે ત્યારે પૂરા લોકાકાશને વ્યાપ્ત કરી શકે છે.

જયારે આત્મા કાર્મણ શરીરને છોડીને સિદ્ધત્વ પ્રાપ્ત કરે છે ત્યારે તે પ્રદેશોમાં સંકોચ તથા વિસ્તાર થતો નથી કેમ કે કાર્મણ શરીરના અભાવમાં કાર્મણ યોગ થઈ શકે નહિં. આત્મ પ્રદેશોના સંકોચ–વિસ્તાર શરીરધારી જીવોમાં થાય છે. બધાથી અધિક સંકોચ સુક્ષ્મ શરીરી પનક જીવોમાં હોય છે અને સહુથી અધિક વિસ્તાર કેવળજ્ઞાનીને કેવળ સમુદ્રઘાતના સમયે હોય છે.

અવધિજ્ઞાનનું ઉત્કૃષ્ટ ક્ષેત્રઃ અગ્નિકાયના સુક્ષ્મ, બાહર, પર્યાપ્ત અને પર્યાપ્ત સમસ્ત ઉત્કૃષ્ટ – સર્વાધિક જીવ સર્વ દિશાઓમાં નિરંતર ભરવાથી જેટલુ ક્ષેત્ર પરિપૂર્ણ કરે છે તેટલું ક્ષેત્ર પરમાવધિજ્ઞાનનું બતાવેલ છે.

લોક જેટલું ક્ષેત્ર દેખનાર અવધિજ્ઞાની કરતાં અલોક જેટલું ક્ષેત્ર દેખવાની ક્ષમતાવાળા અવધિજ્ઞાનીનું જ્ઞાન વિશિષ્ટ કે વિશિષ્ટતર હોય છે. તે વધારે સુક્ષ્મ–સુક્ષ્મતમ જીવોને જાણી શકે છે. ભૂત–ભવિષ્યકાળની અપેક્ષાએ પણ વધારે જાણે અને પદાર્થના પર્યાયો પણ વધારે જાણે છે. તેનો ક્ષયોપશમ પણ વધારે છે. આમ તેની બહુ વિશેષતાઓ છે.

અવધિજ્ઞાનનું મધ્યમ ક્ષેત્રઃ કાળ સુક્ષ્મ છે પરંતુ ક્ષેત્ર, કાળથી સુક્ષ્મતર છે કારણ કે અંગુલ પ્રમાણ આકાશ શ્રેણીમાં આકાશ પ્રદેશ એટલા છે કે જો તે પ્રદેશોને પ્રતિસમય કાઢવામાં આવે તો નિર્લેપ થવામાં અસંખ્યાત અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળ વ્યતીત થઇ જાય. તેનાથી દ્રવ્ય સુક્ષ્મતમ છે કારણ કે ક્ષેત્રના દરેક આકાશ પ્રદેશ પર અનંત પ્રદેશી અનંતસ્કંધ અવસ્થિત છે. દ્રવ્યથી ભાવ સુક્ષ્મ છે, કેમકે તેના સ્કંધોમાં અનંત પરમાણુઓ છે અને પ્રત્યેક પરમાણું વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાએ અનંત પર્યાયથી યુક્ત હોય છે.

અવધિજ્ઞાની રૂપી દ્રવ્યોને જ જાણી શકે છે, અરૂપીને તે જાણી ન શકે. પરમાવધિજ્ઞાની પરમાણુને પણ જાણી શકે છે. તે કેવળજ્ઞાન થવાના અંતર્મુહૂર્ત પહેલાં ઉત્પન્ન થાય છે. આ રીતે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનના વિષયનું ક્ષેત્ર કાળના માધ્યમથી વર્ણન કરેલ છે.

હીયમાન અવધિજ્ઞાનઃ જયારે સાધકને ચારિત્ર્ય મોહનીયનો ઉદય થાય છે ત્યારે આત્મામાં અશુભ વિચારો આવે છે. જયારે સર્વવિરતિ, દેશ વિરતિ અને અવિરત સમ્યગ્દ્રષ્ટિ સંકલિષ્ટ પરિણામી બની જાય છે કે તેના ચારિત્રમાં હાનિ થઇ જાય છે ત્યારે તેને પ્રાપ્ત થયેલ અવધિજ્ઞાન ક્ષીણ થતું જાય છે. તેને હીયમાન અવધિજ્ઞાન કહે છે.

પ્રતિપાતિ અવધિજ્ઞાનઃ પ્રતિપાતિનો અર્થ છે પડવું. પતન ત્રણ પ્રકારે થાય છે – સમ્યક્ત્વથી, ચારિત્રથી અને ઉત્પન્ન થયેલ જ્ઞાનથી. પ્રતિપાતિ અવધિજ્ઞાન આચાર અને વિચારના વિકૃત થવા પર ક્યારેક નષ્ટ થઇ જાય છે. આ જ્ઞાન જીવનની કોઇ પણ ક્ષણમાં ઉત્પન્ન થાય છે અને કોઇ પણ ક્ષણમાં નષ્ટ થઇ જાય છે. તે ભવની સંપૂર્ણ ઉંમર સુધી રહેવું જરૂરી નથી.

અપ્રતિપાતિ અવધિજ્ઞાનઃ અપ્રતિપાતિનું તાત્પર્ય એ છે કે આખા ભવ સુધી રહેનાર જ્ઞાન. દેવતા, નારકોનું અવધિજ્ઞાન પણ અપ્રતિપાતિ છે. મનુષ્યમાં પ્રતિપાતિ અને અપ્રતિપાતિ બન્ને પ્રકારનું અવધિજ્ઞાન હોય છે.

આ રીતે અવધિજ્ઞાનના છ ભેદોનું વર્ણન પૂરૂં થયું. અવધિજ્ઞાન સંક્ષિપ્તમાં ચાર પ્રકારે પ્રતિપાદિત કરેલ છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

૧) દ્રવ્યથીઃ અવધિજ્ઞાની જઘન્ય અનંત રૂપી દ્રવ્યોને જાણે છે અને દેખે છે. ઉત્કૃષ્ટથી સર્વ રૂપી દ્રવ્યોને જાણે છે અને દેખે છે.

૨) ક્ષેત્રથીઃ અવધિજ્ઞાની જઘન્યતઃ અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે છે અને દેખે છે, ઉત્કૃષ્ટથી અલોકમાં લોક પરિમિત અસંખ્યાત ખંડોને જાણે છે અને દેખે છે.

૩) કાળથીઃ અવધિજ્ઞાની જઘન્ય આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણે કાળને જાણે છે અને દેખે છે, ઉત્કૃષ્ટથી અતીત અને અનાગત અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી પ્રમાણ કાળને જાણે છે અને દેખે છે.

૪) ભાવથીઃ અવધિજ્ઞાની જઘન્યતઃ અનંતભાવોને જાણે છે અને દેખે છે, ઉત્કૃષ્ટથી પણ અનંત ભાવોને જાણે છે અને દેખે છે. પરંતુ સર્વ ભાવોના અનંતમા ભાગને જ જાણે છે અને દેખે છે.

નારક, દેવ અને તીર્થંકરને નિશ્ચયથી અવધિજ્ઞાન હોય છે. એ ત્રણેયનું અવધિજ્ઞાન સર્વ દિશા અને વિદિશાઓ વિષયક હોય છે. મનુષ્ય અને તિર્યંચને એક દિશા વિષયક અવધિજ્ઞાન હોય છે અને અનેક દિશાનું પણ અવધિજ્ઞાન હોય છે.

પ્રકરણ ૫

# મનઃપર્યવજ્ઞાન

મનઃપર્યવજ્ઞાન કર્મભૂમિ ક્ષેત્રમાં ઉત્પન્ન થનારા ગર્ભજ મનુષ્યને જ ઉત્પન્ન થાય છે. તે સિવાય બીજા કોઇ પણ ક્ષેત્રમાં ઉત્પન્ન થનારા મનુષ્યને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થતું નથી.

કર્મભૂમિઃ જયાં અસિ, મસિ, કૃષિ, વાણિજય, શિલ્પ આદિ હોય, પુરુષોની ૭૨ અને સ્ત્રીઓની ૬૪ કળા હોય અને રાજનીતિ વિદ્યમાન હોય તેમજ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ચારે તીર્થ પોતપોતાનું કર્તવ્ય પાલન કરવામાં પ્રવૃત્ત હોય, તેને કર્મભૂમિ કહે છે. કર્મભૂમિના ૧૫ ક્ષેત્રો છે.

અકર્મભૂમિઃ જયાં રાજનીતિ, ધર્મનીતિ, કૃષિ, વાણિજય વિ. ન હોય તેવી ભૂમિને અકર્મભૂમિ કહે છે. અકર્મભૂમિના મનુષ્યોનાં જીવન નિર્વાહ કલ્પવૃક્ષો પર નિર્ભર હોય છે. ૧૫ કર્મભૂમિના + ૩૦ અકર્મભૂમિના + ૫૬ અંતરદ્વીપ = ૧૦૧ ક્ષેત્ર છે. ત્યાં જ મનુષ્યો ઉત્પન્ન થાય છે. ૧૫ કર્મભૂમિ અને ૩૦ અકર્મભૂમિ અઢીદ્વીપમાં છે અને ૫૬ અંતરદ્વીપ લવણ સમુદ્રમાં આવેલા છે.

કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય બે પ્રકારના હોય છેઃ– પર્યાપ્ત અને અપર્યાપ્ત.

જીવની શક્તિ વિશેષની પૂર્ણતાને પર્યાપ્તિ કહે છે. પર્યાપ્તિ છ પ્રકારની છેઃ

૧) આહાર પર્યાપ્તિ ૨) શરીર પર્યાપ્તિ ૩) ઇન્દ્રિય પર્યાપ્તિ ૪) શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ ૫) ભાષા પર્યાપ્તિ ૬) મનઃપર્યાપ્તિ.

સર્વવિરતિ મનુષ્ય અર્થાત્ શ્રમણને જ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થઇ શકે છે; ગૃહસ્થને નહિં. આ એની વિશેષતા છે. કેવળજ્ઞાન સહિત ચાર જ્ઞાન ગૃહસ્થને થઇ શકે છે પરંતુ મનઃપર્યવજ્ઞાન સાતમા ગુણસ્થાનવર્તી અપ્રમત્ત સંયતને જ થાય છે. આ જ્ઞાન ઉત્પન્ન થયા પછી છઠ્ઠાથી બારમા ગુણસ્થાનવર્તી પ્રમત્ત કે અપ્રમત્ત બન્ને પ્રકારના શ્રમણોને આ જ્ઞાન રહી શકે છે.

જયારે શ્રમણ વૈરાગ્ય ભાવમાં ડૂબી જાય છે, પરિણામોની ધારા દેહાતીત વર્તે છે, ધર્મધ્યાનના કોઇપણ વિષયમાં તલ્લીન થઇ જાય છે, બીજું કોઇ લક્ષ્ય કે ચિંતન તેને સ્પર્શે નહિં ત્યારે તે શ્રમણ અપ્રમત્ત સંયત કહેવાય છે.

જે અપ્રમત્ત આત્માર્થી મુનિવારને અવધિજ્ઞાન, પૂર્વગત જ્ઞાન, આહારક લબ્ધિ, વૈક્રિયલબ્ધિ, તેજોલેશ્યા, વિદ્યાચરણ, જંઘાચરણ આદિ લબ્ધિઓ પૈકી કોઇ પણ લબ્ધિ હોય તે ઋદ્ધિપ્રાપ્ત કહે છે. એવી વિશિષ્ટ લબ્ધિઓ સંયમ તેમજ તપરૂપી કષ્ટ સાધ્ય સાધનાથી પ્રાપ્ત થાય છે. વિશિષ્ટ લબ્ધિ પ્રાપ્ત તેમજ ઋદ્ધિ સંપન્ન મુનિને જ મનઃપર્યવજ્ઞાન થાય છે.

મનઃપર્યવજ્ઞાન બે પ્રકારે ઉત્પન્ન થાય છેઃ ૧) ઋજુમતિ

૨) વિપુલમતિ

ઋજુમતિઃ પોતાના વિષયને સામાન્યરૂપે જાણે અને દેખે તેને ઋજુમતિ કહે છે.

વિપુલમતિઃ પોતાના વિષયને વિશેષરૂપે જાણે અને દેખે તેને વિપુલમતિ કહે છે.

મનઃપર્યવજ્ઞાનના સ્વરૂપને સંક્ષેપમાં ચાર પ્રકારથી કહી શકાય – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

૧) દ્રવ્યથીઃ મનઃપર્યવજ્ઞાની મનોવર્ગણાના અનંતપ્રદેશી સ્કંધોથી નિર્મિત સંજ્ઞી જીવો ચાહે તે મનુષ્ય, તિર્યંચ કે દેવ હોય – તેઓના મનની શું પર્યાય છે? કોણ કઇ કઇ વસ્તુઓનું ચિંતન કરે છે? ઇત્યાદિ ઉપયોગપૂર્વક તે સર્વને જાણે છે અને દેખે છે.

૨) ક્ષેત્રથીઃ ઋજુમતિ જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રને તથા ઉત્કૃષ્ટ રત્નપ્રભા પૃથ્વીની નીચે ક્ષુલ્લક પ્રતરને અને ઊંચે જયોતિષચક્રના ઉપરિતલ પર્યંત અને તિર્છાલોકમાં મનુષ્યક્ષેત્રની અંદર અઢીદ્વીપ સમુદ્ર પર્યંત, પંદર કર્મભૂમિ, ત્રીસ અકર્મભૂમિ અને છપ્પન અંતરદ્વીપમાં વર્તમાન સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવોના મનોગત ભાવોને જાણે છે અને દેખે છે. અને એ જ ભાવોને વિપુલમતિ અઢી આંગુલ અધિક, વિપુલ ક્ષેત્રને વિશુદ્ધ અને નિર્મળતર તિમિર રહિત જાણે છે અને દેખે છે.

૩) કાળથીઃ મનઃપર્યવજ્ઞાની વર્તમાનને જાણે એમ નહિં પરંતુ અતીતકાળમાં પલ્યોપમના અસંખ્યાતમા કાળપર્યંત જાણે એટલું જ નહિં ભવિષ્ય કાળને પણ જાણે છે અને દેખે છે.

૪) ભાવથીઃ મનઃપર્યવજ્ઞાનનું જેટલુ ક્ષેત્ર બતાવ્યુ છે તેની અંતર્ગત જે સમનસ્ક જીવ છે, તે સંખ્યાત જ છે. પર્યાયોને મનઃપર્યવજ્ઞાની જ પ્રત્યક્ષ રૂપે જાણે છે અને દેખે છે, પરંતુ મનમાં જે વસ્તુનું ચિંતન થઇ રહ્યું હોય તેમાં રહેલ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તેમજ તે વસ્તુની લંબાઇ, પહોળાઇ, ગોળાકાર, ત્રિકોણ આદિ કોઇ પણ પ્રકારના સંસ્થાનને જાણે તેને ભાવ કહે છે. જે વ્યક્તિનું મન ઔદયિક ભાવ, વૈભાવિક ભાવ અને વૈકારિક ભાવથી વિવિધ પ્રકારના આકાર, પ્રકાર, વિવિધરંગ–વિરંગ ધારણ કરે છે તે દરેકને મનની પર્યાય કહે છે. તે અનંત હોય છે.

અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં અંતરઃ ૧) અવધિજ્ઞાનની અપેક્ષા મનઃપર્યવજ્ઞાન અધિક વિશુદ્ધ હોય છે.

૨) અવધિજ્ઞાનનું વિષય ક્ષેત્ર ત્રણેય લોક છે ત્યારે મનઃપર્યવજ્ઞાનનું ક્ષેત્ર કેવળ અઢીદ્વીપ છે.

૩) અવધિજ્ઞાનના સ્વામી ચારે ગતિના જીવો હોય છે ત્યારે મનઃપર્યવજ્ઞાનના સ્વામી લબ્ધિસંપન્ન સંયમી સાધુ જ હોઇ શકે.

૪) અવધિજ્ઞાનનો વિષય અમુક પર્યાય સહિત સમસ્ત રૂપી દ્રવ્ય છે ત્યારે મનઃપર્યવજ્ઞાનનો વિષય પર્યાપ્ત સંજ્ઞી જીવોના માનસિક સંકલ્પ–વિકલ્પ જ છે. જે અવધિજ્ઞાનની અપેક્ષાએ અનંતમો ભાગ છે.

૫) અવધિજ્ઞાન મિથ્યાત્વના ઉદયથી વિભંગજ્ઞાન રૂપે પણ પરિણત થઇ શકે છે ત્યારે મનઃપર્યવજ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હોતો નથી અર્થાત્ મનઃપર્યવજ્ઞાનનું વિપક્ષી કોઇ અજ્ઞાન નથી.

૬) અવધિજ્ઞાન આગામી ભવમાં પણ સાથે જઇ શકે છે ત્યારે મનઃપર્યવજ્ઞાન આ ભવ સુધી જ રહે છે.

પ્રકરણ ૬

# કેવળજ્ઞાન

કેવળજ્ઞાનના બે પ્રકાર છેઃ ૧) ભવસ્થ કેવળજ્ઞાન ૨) સિદ્ધ કેવળજ્ઞાન. ભવસ્થ કેવળજ્ઞાન બે પ્રકારનું છેઃ ૧) સયોગી ભવસ્થ કેવળજ્ઞાન ૨) અયોગી ભવસ્થ કેવળજ્ઞાન. સયોગી ભવસ્થ કેવળજ્ઞાન બે પ્રકારનું છેઃ ૧) પ્રથમ સમયવર્તી સયોગી ભવસ્થ કેવળજ્ઞાન – જેને ઉત્પન્ન થયે પ્રથમ સમય જ થયો હોય. ૨) અપ્રથમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન – જેને ઉત્પન્ન થયે અનેક સમય થયા હોય અથવા બીજી રીતે પણ બે ભેદ છેઃ ૧) ચરમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન ૨) અચરમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન. સયોગી અવસ્થામાં જેનો અંતિમ સમય બાકી રહે તે ચરમ ૨) સયોગી અવસ્થામાં અનેક સમય બાકી રહે તે અચરમ.

અયોગી ભવસ્થ કેવળજ્ઞાનના બે પ્રકાર છેઃ ૧) પ્રથમ સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન ૨) અપ્રથમ સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન.

વીર્યાત્મા એટલે આત્મિક શક્તિથી આત્મ પ્રદેશોમાં પરિસ્પંદન થાય છે. તેનાથી મન, વચન અને કાયામાં જે વ્યાપાર થાય છે, તેને યોગ કહે છે. ચૌદમા ગુણસ્થાનમાં યોગોનું નિરૂંધન થવાથી જીવ અયોગી થાય છે.

અ, ઈ, ઉ, ઋ, લૃ, આ પાંચ અક્ષરોના ઉચ્ચારણમાં જેટલી સ્થિતિ લાગે, એટલી જ સ્થિતિ ચૌદમા ગુણસ્થાનની છે. ચૌદમા ગુણસ્થાનને બીજા શબ્દોમાં શૈલશી અવસ્થા પણ કહે છે.

જે આત્માઓએ આઠ કર્મોને નષ્ટ–ભસ્મીભૂત કરી દીધા છે, તેને સિદ્ધ કહે છે. સિદ્ધ અનેક પ્રકારના થઇ શકે છેઃ કર્મસિદ્ધ, શિલ્પસિદ્ધ, વિદ્યાસિદ્ધ, મંત્રસિદ્ધ, યોગસિદ્ધ, આગમસિદ્ધ, અર્થસિદ્ધ, યાત્રાસિદ્ધ, તપઃસિદ્ધ, કર્મક્ષયસિદ્ધ ઇત્યાદિ. પરંતુ અહિં કર્મક્ષયસિદ્ધનો જ અધિકાર છે.

સિદ્ધ કેવળજ્ઞાનના બે પ્રકાર છેઃ ૧) અનંતર સિદ્ધ કેવળજ્ઞાન ૨) પરંપરસિદ્ધ કેવળજ્ઞાન.

જૈન દર્શન પ્રમાણે આત્મા શરીરથી સર્વથા મુક્ત અર્થાત્ પૃથક બની જાય તેને મોક્ષ કહે છે. સિદ્ધ ભગવાન એક જીવની અપેક્ષાએ સાદિ અનંત છે, અનેક જીવોની અપેક્ષાએ અનાદિ અનંત છે.

જૈન દર્શને પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન એમ ઉપયોગના બાર પ્રકાર બતાવ્યા છે. આ બાર પૈકી કોઇ એકમાં થોડા સમય સુધી સ્થિર થઇ તેનો ઉપયોગ મૂકવો, તે જ્ઞાનથી કાંઇક જાણવું, તેને ઉપયોગ કહે છે. કેવળજ્ઞાન અને કેવળ દર્શન સિવાયના ૧૦ ઉપયોગ છદ્મસ્થ જીવોને હોય છે.

કેવળજ્ઞાન અને કેવળદર્શન વિષે ભિન્ન ભિન્ન માન્યતાઓઃ

૧) કેવળીને નિરાવરણીય જ્ઞાન દર્શન હોવા છતાં એક સમયે એક જ ઉપયોગ હોય છે. જયારે જ્ઞાન ઉપયોગ હોય ત્યારે દર્શન ઉપયોગ ન હોય અને દર્શન ઉપયોગ હોય ત્યારે જ્ઞાન ઉપયોગ ન હોય.

૨) કેવળજ્ઞાન અને કેવળદર્શન નિરાવરણ જ્ઞાન–દર્શન છે, માટે તે એક સાથે પોત–પોતાના વિષયને ગ્રહણ કરતા રહે છે, ક્રમશઃ નહિં.

૩) કેવળજ્ઞાન અને કેવળદર્શન બન્ને એકરૂપ જ હોય છે. જો કેવળજ્ઞાનથી જ સર્વ વિષયોને જાણી લેતા હોય તો પછી કેવળદર્શનનું શું પ્રયોજન છે? બીજું કારણ એ છે કે દરેક સ્થળે જ્ઞાનને પ્રમાણ માનેલ છે, દર્શનને નહિં. જ્ઞાનની અપેક્ષાએ દર્શનને ગૌણ માનેલ છે. માટે કેવળજ્ઞાનમાંજ કેવળદર્શન સમાઇ જાય છે.

૪) એકાંતર ઉપયોગ પક્ષમાં સાદિ અનંતતા ઘટિત થતી નથી. કેમકે જયારે જ્ઞાનનો ઉપયોગ હોય છે ત્યારે દર્શનનો ઉપયોગ હોતો નથી તેથી ઉક્ત જ્ઞાન દર્શન સાદિ સાંત સિદ્ધ થઇ જાય છે.

૫) કેવળજ્ઞાનાવરણ અને કેવળદર્શનાવરણનો પૂર્ણરૂપે ક્ષય થવા છતાં જો જ્ઞાન ઉપયોગની સાથે દર્શન ઉપયોગ ન રહે તો આવરણો ક્ષય થયા તે મિથ્યા થઇ જાય.

૬) એકાંતર ઉપયોગ માનવાથી કેવળજ્ઞાન કેવળદર્શન પર આવરણ કરનાર અને કેવળદર્શન કેવળજ્ઞાન ઉપર આવરણ કરનાર થઇ જાય છે. તે બરાબર નથી.

૭) કેવળીને જ્ઞાન અને દર્શન સર્વથા નિરાવરણ થઇ ગયા હોય છે. છતાં બન્નેમાંથી એક પ્રકાશ કરે બીજો નહિં, તેનો અર્થ એવો થયો કે આવરણ ક્ષય થયા છતાં આવરણની પરંપરા ચાલુ જ રહે છે.

૮) એકાંતર ઉપયોગ માનવાથી કેવળીનું અસર્વજ્ઞત્વ અને અસર્વદર્શિત્વ સિદ્ધ થઇ જાય છે. કારણ કે જયારે કેવળીનો ઉપયોગ જ્ઞાનમાં હોય અને દર્શનમાં ન હોય ત્યારે અસર્વદર્શી થઇ જાય છે અને જયારે દર્શનમાં ઉપયોગ હોય અને જ્ઞાનમાં ન હોય ત્યારે અસર્વજ્ઞ થઇ જાય છે.

એક સમયમાં એક ઉપયોગ માટે આગમિક સમાધાનઃ

૧) નિરાવરણ જ્ઞાન – દર્શનનો યુગપત્ ઉપયોગ ન માનવાથી આવરણ ક્ષય મિથ્યા સિદ્ધ થશે, આ કથન બરાબર નથી. કોઇ કોઇ વિભંગજ્ઞાનીને સમ્યકત્વ ઉત્પન્ન થતાં જ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાન એક સાથે ઉત્પન્ન થાય છે, એમ આગમનું કથન છે પરંતુ ઉપયોગ સર્વમાં યુગપત્ જ હોય, એવો કોઇ નિયમ નથી. જેમ ચાર જ્ઞાનના ધારક ચતુર્જ્ઞાની કહેવાય છે તોપણ તેનો ઉપયોગ એક સમયમાં એક સાથે ચારે ય જ્ઞાનમાં હોતો નથી, કોઇપણ એકમાંજ હોય છે. માટે જાણવું અને દેખવું બન્ને એક સમયમાં ન હોય પણ ભિન્ન ભિન્ન સમયમાં હોય છે. આ વાત પ્રજ્ઞાપના સુત્ર પદ ૩૦ અને ભગવતી સુત્ર શતક ૨૫ માં બતાવેલ છે.

૨) એકાંતર ઉપયોગ માનવાથી ઇતરેતરાવરણતા દોષ બતાવવો ઉચિત નથી કેમ કે કેવળજ્ઞાન અને કેવળદર્શન સદા નિરાવરણ રહે છે. તેને ક્ષાયિક લબ્ધિ પણ કહેવાય છે. જ્ઞાન અથવા દર્શન કોઇ એકમાં ચેતનાનું પ્રવાહિત થઇ જવું તેને ઉપયોગ કહે છે. ઉપયોગ એ જીવનો સાધારણ ગુણ છે. એ કોઇ કર્મનું ફળ નથી. છદ્મસ્થને જ્ઞાન અને દર્શનમાં ઉપયોગ એક અંતર્મુહૂર્તથી અધિક ન રહે. કેવળીને જ્ઞાન અને દર્શનનો ઉપયોગ એક એક સમયથી બદલાતો રહે છે. આ રીતે તેઓનો ઉપયોગ સાદિ સાંત જ છે. તે ક્યારેક જ્ઞાનમાં અને ક્યારેક દર્શનમાં પરિવર્તિત થયા કરે છે, માટે ઇતરેતરાવરણતા દોષ માનવો તે અનુચિત છે. જ્ઞાન અને દર્શન તો અપરિવર્તિત જ રહે છે, તે સાદિ અનંત છે.

૩) અનાવરણ થતાં જ જ્ઞાન અને દર્શનનો પૂર્ણ વિકાસ થાય છે તો પછી નિષ્કારણ આવરણ હોય એવો પ્રશ્ન જ ન થવો જોઈએ. કેમ કે આવરણનો હેતુ અને આવરણ બન્નેનો અભાવ થયા પછી જ કેવળી બને છે. પરંતુ ઉપયોગનો સ્વભાવ જ એવો છે કે તે બન્નેમાંથી એક સમયમાં કોઇ એક તરફ જ પ્રવાહિત થાય છે.

૪) આગમમાં કેવળીને સર્વજ્ઞ–સર્વદર્શી પણ લબ્ધિની અપેક્ષાથી કહેલ છે, ઉપયોગની અપેક્ષાએ નહિં. માટે એકાંતર ઉપયોગ માનવો નિર્દોષ છે.

૫) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ યુગપત્ જ ક્ષીણ થાય છે પરંતુ ઉપયોગ યુગપત્ ન જ હોય. જેમ છદ્મસ્થને ચાર જ્ઞાન એક સાથે થઈ શકે છે પરંતુ ઉપયોગ કોઈ એક જ્ઞાનમાં હોય. છદ્મસ્થનો ઉપયોગ દરેક અંતર્મુહૂર્તમાં બદલે છે, ત્યારે કેવળીનો ઉપયોગ એકેક સમયે બદલે છે. બન્નેમાં આ જ અંતર છે.

કેવળદર્શન ન માનનારની દલીલોઃ

૧) કેવળજ્ઞાન અનુત્તર અર્થાત્ સર્વોપરિજ્ઞાન છે. કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી કેવળદર્શનની કોઇ ઉપયોગિતા રહેતી નથી. કેવળજ્ઞાન અંતર્ગત સામાન્ય અને વિશેષ દરેક વિષય આવી જાય છે. માટે કેવળદર્શનની ગણના અલગ અલગ કરવાની કોઈ આવશ્યકતા નથી.

૨) જેમ ચાર જ્ઞાન કેવળજ્ઞાનમાં અંતર્ભૂત થઇ જાય છે તેમ ચારે ય દર્શન પણ એમાં સમાહિત થઇ જાય છે. માટે કેવળદર્શન અલગ માનવું નિરર્થક છે.

૩) અલ્પજ્ઞતામાં સાકાર ઉપયોગ, અનાકાર ઉપયોગ અને ક્ષાયોપશમિક ભાવની વિભિન્નતાના કારણે બન્ને ઉપયોગમાં પરસ્પર ભેદ થઇ શકે છે પરંતુ ક્ષાયિક ભાવમાં કોઈ વિશેષ અંતર ન રહેવાથી માત્ર કેવળજ્ઞાન જ શેષ રહે છે. માટે સદા–સર્વદા કેવળીનો ઉપયોગ કેવળજ્ઞાનમાં જ રહે છે.

૪) જો કેવળદર્શનનું અસ્તિત્વ ભિન્ન માનવામાં આવે તો તે સામાન્ય ગ્રાહી હોવાથી અલ્પ વિષયક સિદ્ધ થશે પણ આગમમાં કેવળજ્ઞાનને અનંતવિષયક કહેલ છે.

૫) જયારે કેવળી પ્રવચન કરે છે ત્યારે તે કેવળજ્ઞાન પૂર્વક હોય છે, તેથી પણ અભેદ પક્ષ જ સિદ્ધ થાય છે.

૬) નંદી સૂત્રમાં કેવળદર્શનનું સ્વરૂપ બતાવેલ નથી તેમજ અન્ય આગમોમાં પણ કેવળદર્શનનો વિશેષ ઉલ્લેખ જોવા મળતો નથી, તેથી પણ એમ સિદ્ધ થાય છે કે કેવળદર્શન કેવળજ્ઞાનથી ભિન્ન નથી.

કેવળદર્શન માટે આગમિક સમાધાનઃ

૧) પ્રત્યેક વસ્તુ અનંત ધર્માત્મક છે, ચાહે તે દૃશ્ય હોય કે અદૃશ્ય હોય, રૂપી હોય કે અરૂપી હોય; અણુ હોય કે મહાન હોય. વિશેષધર્મ પણ અનંતાઅનંત છે અને સામાન્ય ધર્મ પણ અનંત છે. દરેક વિશેષ ધર્મ કેવળજ્ઞાન દ્વારા ગ્રાહ્ય છે. અને સામાન્ય ધર્મ કેવળદર્શન દ્વારા ગ્રાહ્ય છે. આ બન્નેમાં અલ્પવિષયક કોઈ નથી. બન્નેની પર્યાયો પણ સમાન છે. ઉપયોગ એક સમયમાં બન્નેમાંથી એકમાં રહે છે. એક સાથે બન્નેમાં ઉપયોગ હોય નહિં. જયારે ઉપયોગ વિશેષ તરફ પ્રવાહિત હોય છે ત્યારે તે કેવળજ્ઞાન કહેવાય છે અને જયારે સામાન્ય તરફ પ્રવાહિત હોય છે ત્યારે કેવળદર્શન કહેવાય છે. આ રીતે ચેતનાનો પ્રવાહ એક સમયમાં એક તરફ જ રહે છે, બન્ને તરફ નહિં.

૨) જેમ મતિજ્ઞાન  આદિ દેશજ્ઞાનના વિલયથી કેવળજ્ઞાન હોય છે, એ જ રીતે ચક્ષુ આદિ દેશદર્શનના વિલયથી કેવળદર્શન હોય છે. જ્ઞાનની પૂર્ણતાને કેવળજ્ઞાન કહે છે અને દર્શનની પૂર્ણતાને કેવળદર્શન કહે છે. તેથી એમ સિદ્ધ થાય છે કે જ્ઞાન દર્શન બન્નેનું સ્વરૂપ પૃથક્ પૃથક્ છે માટે બન્ને ને એક માનવા તે બરાબર નથી.

૩) છદ્મસ્થ કાળમાં જો જ્ઞાન અને દર્શન રૂપ બે વિભિન્ન ઉપયોગ હોય તો તેની પૂર્ણ અવસ્થામાં એક કેવી રીતે બની શકે? અવધિજ્ઞાન અને અવધિદર્શનને જો એક માનવામાં ન આવે તો પછી કેવળજ્ઞાન અને કેવળદર્શનને એક કેવી રીતે માની શકાય?

૪) પ્રવચન કરતી વખતે કેવળી ક્યારેક કેવળજ્ઞાન પૂર્વક પ્રવચન કરે છે તો ક્યારેક કેવળદર્શન પૂર્વક પણ કરે છે. એક કલાકમાં અનેકવાર ઉપયોગમાં પરિર્વતન થાય છે. ભવસ્થ કેવળી બે પ્રકારની ભાષા બોલે છે, સત્ય અને વ્યવહાર. જે ક્ષણે તે સત્ય ભાષાનો પ્રયોગ કરે છે

તે ક્ષણે વ્યવહાર ભાષાનો ઉપયોગ કરતા નથી અને જે ક્ષણે વ્યવહાર ભાષાનો ઉપયોગ કરે છે તે ક્ષણે સત્ય ભાષાનો ઉપયોગ કરતા નથી. તેઓ પણ બન્ને ભાષાઓનો એક સાથે ઉપયોગ કરવા સમર્થ નથી. જેમ સત્ય અને વ્યવહાર બન્ને ભાષા વિભિન્ન છે, એક નથી; તેવી જ રીતે જ્ઞાન અને દર્શન પણ બન્ને વિભિન્ન ઉપયોગ છે, એક નથી.

૫) નંદી સૂત્રમાં મુખ્યતાએ પાંચ જ્ઞાનનું વર્ણન છે. ચાર દર્શનનું વર્ણન નથી. કેવળજ્ઞાનની જેમ કેવળદર્શન પણ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. સોમિલ બ્રાહ્મણના પ્રશ્નનો ઉત્તર દેતી વખતે ભગવાન મહાવીરે કહ્યું છે કે હે સોમિલ! હું જ્ઞાન અને દર્શનની અપેક્ષાએ દ્વિવિધ છું – (ભગવતી સુત્ર શ. ૧૮ ઉ–૧૦)

ભગવાનના આ કથનથી સિદ્ધ થાય છે કે દર્શન પણ જ્ઞાનની જેમ સ્વતંત્ર સત્તા ધરાવે છે.

કેવળજ્ઞાનનો ઉપસંહારઃ

સુત્રકારે કેવળજ્ઞાનને પાંચ વિશેષણો આપ્યા છેઃ

૧) સર્વ દ્રવ્ય અને તેની સર્વ પર્યાયો તેમજ ઔદયિક આદિ ભાવોને જાણનાર.

૨) તે અનંત છે જ્ઞેય અનંત છે.

૩) કાળની અપેક્ષાએ સાદિ અનંત હોવાથી કેવળજ્ઞાન શાશ્વત છે.

૪) આ જ્ઞાન ક્યારે પણ પ્રતિપાતિ થાય નહિં અર્થાત્ તેની મહાજ્યોત કોઇ પણ ક્ષેત્ર કે કાળમાં બુઝાતી નથી. માટે અપ્રતિપાતિ છે.

૫) જે જ્ઞાન ભેદ પ્રભેદથી રહિત છે, સર્વ પ્રકારની તરતમતા અને વિસદશતાથી રહિત છે. તેમજ સદાકાળ અને સર્વદેશમાં એક સરખું જ રહે છે. માટે કેવળજ્ઞાન એક જ પ્રકારનું છે.

વાગ્યોગ અને શ્રુતઃ તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન દ્વારા જેટલા પદાર્થોને જાણે છે, તેમાં પણ જેટલું કથનીય હોય છે એ જ કહે છે. દરેક પદાર્થોનું કે સર્વ પર્યાયોનું વર્ણન કથન કરવા યોગ્ય હોતું નથી. તેમજ તેમને જરૂરી લાગતું નથી.

જીભ એક છે. આયુષ્ય પરિમિત છે, પદાર્થો અનંત છે, તેના ગુણ, ધર્મ, પર્યાય અનંતાઅનંત છે, માટે તીર્થંકર પ્રભુ પદાર્થોનો અનંતમો ભાગ જ બતાવી શકે છે. તેનાથી અતિરિક્ત અર્થ વાણીથી અવર્ણનીય છે.

કેવળજ્ઞાની જે પ્રવચન કરે છે તે વચનયોગથી કરે છે, શ્રુતજ્ઞાનથી નહિં. અર્થાત્ ભાષાપર્યાપ્તિ નામકર્મના ઉદયથી કરે છે. તેઓશ્રીના પ્રવચન સાંભળનાર માટે શ્રુતનું કારણ બને છે.

તેથી એમ સિદ્ધ થાય છે કે તીર્થંકર ભગવાનનો વચનયોગ શ્રુતજ્ઞાનનું નિમિત્ત હોવાને કારણે દ્રવ્યશ્રુત છે. તે કેવળજ્ઞાનપૂર્વક વચન પ્રયોગ છે. વર્તમાન કાળમાં જે આગમજ્ઞાન કરાય છે તે ભાવશ્રુત છે અને પુસ્તકોમાં જે લિપિબદ્ધ હોય, તે પણ ભાવશ્રુતનું નિમિત્ત કારણ હોવાથી દ્રવ્યશ્રુત છે. ગણધરોને જે શ્રુતજ્ઞાન થાય છે તે ભગવાનના વચન યોગ રૂપ દ્રવ્યશ્રુતથી હોય છે. કારણ કે તેઓને શ્રુતજ્ઞાન ઉત્પન્ન થવાનું નિમિત્ત ભગવાનના વચનો જ છે.

પ્રકરણ ૭

# મતિજ્ઞાન

પરોક્ષ જ્ઞાન કેટલા પ્રકારનું છે?

૧) અભિનિબોધિકજ્ઞાન પરોક્ષ ૨) શ્રુતજ્ઞાન પરોક્ષ – એમ બે ભેદ છે. જયાં અભિનિબોધિક જ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન પણ હોય છે. આ બન્ને જ્ઞાન એકબીજાની સાથે રહે છે.

છતાં આ બન્નેમાં સ્વરૂપની અપેક્ષાએ ભિન્નતા છે. પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન, એના માધ્યમથી થનાર જ્ઞાનને પરોક્ષજ્ઞાન કહે છે. મતિ શબ્દનો પ્રયોગ આગમમાં જ્ઞાન અને અજ્ઞાન બન્ને માટે કરેલ છે. પરંતુ અભિનિબોધિક શબ્દનો પ્રયોગ ફક્ત જ્ઞાન માટે જ કરેલ છે. શબ્દ સાંભળીને વાચ્ય પદાર્થોનું જે જ્ઞાન થાય છે તેને શ્રુતજ્ઞાન કહે છે. આ બન્નેનો પરસ્પર અવિનાભાવિ સંબંધ છે અર્થાત્ એ બન્ને એકબીજા વગર રહી શકતા નથી. જેમ કે તેજસ અને કાર્મણ શરીર સદા સાથે જ રહે છે.

શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોય છે પણ શ્રુતપૂર્વક મતિ હોતી નથી. લબ્ધિ રૂપે મતિ અને શ્રુત બન્ને સહચર છે. શ્રુતજ્ઞાનની પ્રાપ્તિમાં કે ઉપયોગમાં મતિની સહાયતા જરૂરી છે જયારે મતિજ્ઞાનના ઉપયોગમાં શ્રુતજ્ઞાનની સહાયતા હોવી જરૂરી નથી. ક્યારેક મતિપ્રયોગમાં કે ઉપલબ્ધિમાં શ્રુતની સહાયતાની જરૂર પડે ને ક્યારેક ન પણ પડે.

સમ્યગ્દષ્ટિની મતિ તે મતિજ્ઞાન અને મિથ્યાદષ્ટિની મતિ તે મતિઅજ્ઞાન છે, એ જ રીતે શ્રુતજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન બન્ને પ્રકારે છે.

સમ્યગ્દષ્ટિની મતિ આત્મોત્થાન અને પરોપકાર તરફ પ્રવૃત્ત હોય છે જયારે મિથ્યાદષ્ટિની મતિ અનંતધર્માત્મક વસ્તુમાં એક ધર્મના અસ્તિત્વનો સ્વીકાર કરે છે, શેષનો નિષેધ કરે છે; અથવા કોઈનો સ્વીકાર કરે, કોઈનો નિષેધ કરે.

જ્ઞાનનું ફળ અજ્ઞાનની નિવૃત્તિ છે. સમ્યગ્દષ્ટિ આધ્યાત્મિક આનંદની અનુભૂતિ તેમ જ નિર્વાણ પદની પ્રાપ્તિ કરી શકે છે. સમ્યગ્દષ્ટિ આત્માની બુદ્ધિ અને તેનું શબ્દજ્ઞાન બન્ને

માર્ગદર્શક હોય છે, જયારે મિથ્યાદષ્ટિની મતિ અને તેનું શબ્દ જ્ઞાન બન્ને વિવાદ, વિકથા, પથભ્રષ્ટ તેમજ પતનનું કારણ બને છે.

અભિનિબોધિક જ્ઞાનના કેટલા પ્રકાર છે?

બે પ્રકાર છેઃ શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત

અશ્રુતનિશ્રિતના કેટલા પ્રકાર છે?

ચાર પ્રકાર છેઃ ૧) ઔત્પાતિકી ૨) વૈનયિકી ૩) કર્મજા ૪) પારિણામિકી

૧) ઔત્પાતિકીઃ (હાજર જવાબી બુદ્ધિ) ક્ષયોપશમ ભાવને કારણે શાસ્ત્ર અભ્યાસ વિના સહસા જેની ઉત્પત્તિ થાય, જનતા પર બહુ સુંદર પ્રભાવ પડે, રાજયમાં સન્માન મળે અને બુદ્ધિમાનોના પૂજય બની જાય, એવી બુદ્ધિને ઔત્પાતિકી બુદ્ધિ કહે છે.

૨) વૈનયિકીઃ માતાપિતા, ગુરુ, આચાર્ય આદિની વિનય ભક્તિ કરવાથી, ઉત્પન્ન થનાર બુદ્ધિને વૈનયિકી બુદ્ધિ કહે છે.

૩) કર્મજાઃ શિલ્પ, હુન્નર, કલા, નિરંતર અભ્યાસ અને વિવિધ પ્રકારનાં કાર્યો કરવાથી જે બુદ્ધિ ઉત્પન્ન થાય તેને કર્મજા બુદ્ધિ કહે છે.

૪) પારિણામિકીઃ ચિરકાળ સુધી પૂર્વાપર પર્યાલોચનથી પરિપક્વ ઉંમરના અનુભવથી જે બુદ્ધિ ઉત્પન્ન થાય તેને પારિણામિકી બુદ્ધિ કહે છે.

શ્રુતનિશ્રિત મતિજ્ઞાનઃ

શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર પ્રકાર છેઃ ૧) અવગ્રહ ૨) ઇહા ૩) અવાય ૪) ધારણા

મતિજ્ઞાન ક્યારેક સ્વતંત્રપણે કાર્ય કરે છે અને ક્યારેક શ્રુતજ્ઞાનના પૂર્વકાલિન સંસ્કારોના નિમિત્તથી ઉત્પન્ન થાય ત્યારે તેના ચાર ભેદ થાય છે. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા.

૧) અવગ્રહઃ જે જ્ઞાન નામ, જાતિ, વિશેષ્ય, વિશેષણ આદિથી રહિત હોય અને માત્ર સામાન્યને જ જાણે તેને અવગ્રહ કહે છે. કોઈપણ ઈન્દ્રિય કે મનનો સંબંધ પોતાના વિષયભૂત પદાર્થ સાથે થવા પર માત્ર કંઈક છે એવો અસ્તિત્વ રૂપ બોધ થવો તે અવગ્રહ છે.

૨) ઈહાઃ અવગ્રહથી જાણેલ પદાર્થને વિશેષ જાણવાની જિજ્ઞાસાને ઈહા કહે છે. ભાષ્યકારે ઈહાની પરિભાષા કરતા સમયે કહ્યુ છે કે અવગ્રહમાં સત્ અને અસત્ બન્નેથી અતીત સામાન્ય માત્રને ગ્રહણ કરાય છે પરંતુ સદ્ભૂત અર્થની પર્યાલોચનારૂપ ચેષ્ટાને ઈહા કહે છે.

૩) અવાયઃ નિશ્ચયાત્મક અથવા નિર્ણયાત્મક જ્ઞાનને અવાય કહે છે. ઈહા દ્વારા જાણેલ પદાર્થનો વિશેષ રૂપે નિર્ણય કરવામાં આવે તેને અવાય કહે છે. અવાય, નિશ્ચય, નિર્ણય એ બધા પર્યાયવાચી નામ છે.

૪) ધારણાઃ નિર્ણિત અર્થને ધારણ કરવો તેને ધારણા કહે છે. અવાય જ્ઞાન અત્યંત દઢ થઈ જાય તેને ધારણા કહે છે. નિશ્ચય થોડા કાળ સુધી સ્થિર રહે છે, પછી વિષયાંતરમાં ઉપયોગ ચાલ્યો જવાથી તે લુપ્ત થઈ જાય છે; પરંતુ તેનાથી એવા સંસ્કાર પડી જાય છે કે જેના કારણે કોઈ યોગ્ય નિમિત્ત મળી જવા પર નિશ્ચિત કરેલ તે વિષયનું સ્મરણ થઈ જાય છે, તેને પણ ધારણા કહે છે. ધારણા ત્રણ પ્રકારની છેઃ

૧) અવિચ્યુતિઃ અવાયમાં લાગેલ ઉપયોગથી ચ્યુત ન થાય તેને અવિચ્યુતિ કહે છે. અવિચ્યુતિ ધારણાનો કાળ વધારેમાં વધારે એક અંતઃર્મુહૂર્તનો હોય છે. છદ્મસ્થનો કોઈ પણ ઉપયોગ અંતર્મુહૂર્તથી અધિક સમય સુધી સ્થિર રહેતો નથી. ૨) અવિચ્યુતિથી ઉત્પન્ન થયેલ સંસ્કારને વાસના કહે છે. એ સંસ્કાર સંખ્યાત વર્ષના આયુષ્યવાનને સંખ્યાત કાળ સુધી ટકી રહે છે અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાનને અસંખ્યાત કાળ સુધી ટકી રહે છે. ૩) સ્મૃતિઃ કાલાંતરમાં કોઈ પદાર્થને જોવાથી અથવા અન્ય કોઈ નિમિત્ત વડે સંસ્કાર જાગૃત થવાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તેને સ્મૃતિ કહે છે.

અવગ્રહ બે પ્રકારનો છેઃ ૧) અર્થાવગ્રહ અને ૨) વ્યંજનાવગ્રહ

અર્થાવગ્રહઃ વસ્તુને અર્થ કહે છે. વસ્તુ અને દ્રવ્ય એ બન્ને પર્યાયવાચી શબ્દ છે. જેમાં સામાન્ય અને વિશેષ બન્ને ધર્મ રહે તેને દ્રવ્ય કહે છે. અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એ ચાર સંપૂર્ણ દ્રવ્યગ્રાહી થતા નથી. એ પ્રાયઃ પર્યાયોને જ ગ્રહણ કરે છે. પર્યાયથી અનંત ધર્માત્મક વસ્તુનું ગ્રહણ સ્વતઃ થઈ જાય છે. દ્રવ્યના એક અંશને પર્યાય કહે છે. જ્યાં સુધી આત્મા કર્મોથી આવૃત્ત છે ત્યાં સુધી તેને ઈન્દ્રિય અને મનના માધ્યમથી બાહ્ય પદાર્થોનું જ્ઞાન થાય છે. ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરના અંગોપાંગ નામકર્મના ઉદયથી દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત થાય

છે તેમજ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોના ક્ષયોપશમથી ભાવેન્દ્રિય પ્રાપ્ત થાય છે.

દ્રવ્યેન્દ્રિય વિના ભાવેન્દ્રિય અકિંચિંત્કર છે અને ભાવેન્દ્રિય વિના દ્રવ્યેન્દ્રિય પણ અકિંચિંત્કર છે. એટલે કે કાંઇ કરવા સમર્થ ન થાય. માટે જે જે જીવોને જેટલી ઈન્દ્રિયો મળી છે તેના દ્વારા તેટલું જ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જેમકે – એકેન્દ્રિય જીવને કેવળ સ્પર્શેન્દ્રિય દ્વારા અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ થાય છે.

અર્થાવગ્રહ પરુક્રમી હોય છે અને વ્યંજનાવગ્રહ મંદક્રમી હોય છે. અર્થાવગ્રહ અભ્યાસથી અને વિશેષ ક્ષયોપશમથી હોય છે અને વ્યંજનાવગ્રહ અભ્યાસ વિના ક્ષયોપક્ષમની મંદતામાં હોય છે. અર્થાવગ્રહ વડે અતિ અલ્પ સમયમાં જ વસ્તુની પર્યાયને ગ્રહણ કરી શકાય છે. પરંતુ વ્યંજનાવગ્રહમાં "આ કંઈક છે" એટલું જ જ્ઞાન થાય છે.

સર્વપ્રથમ દર્શનોપયોગ થાય છે ત્યારબાદ વ્યંજનાવગ્રહ થાય છે. તેનો કાળ અસંખ્યાત સમયનો છે. વ્યંજનાવગ્રહના અંતમાં અર્થાવગ્રહ થાય છે. તેનો કાળ એક જ સમયનો છે. અર્થાવગ્રહ દ્વારા સામાન્યનો બોધ થાય છે. જો કે વ્યંજનાવગ્રહ દ્વારા જ્ઞાન નથી થતું તો પણ તેના અંતમાં અર્થાવગ્રહ જ્ઞાનનું કારણ હોવાથી વ્યંજનાવગ્રહને પણ ઉપચારથી જ્ઞાન માનેલ છે. વળી વ્યંજનાવગ્રહમાં પણ અતિ અલ્પ અવ્યક્ત જ્ઞાનની થોડીક માત્રા હોય છે. જો કે અસંખ્યાત સમયમાં લેશમાત્ર જ્ઞાન ન હોય તો તેના અંતમાં અર્થાવગ્રહમાં એકાએક જ્ઞાન કેવી રીતે આવી જાય? માટે અનુમાન કરવામાં આવે છે કે વ્યંજનાવગ્રહમાં પણ અવ્યક્ત જ્ઞાનનો અંશ હોય છે પરંતુ અતિ અલ્પ રૂપે હોવાથી તે આપણને પ્રતીત થતું નથી. દર્શનોપયોગ મહાસામાન્ય સત્તા માત્રને ગ્રહણ કરે છે જયારે અવગ્રહમાં અપર સામાન્ય મનુષ્યત્વ આદિનો બોધ થાય છે.

વ્યંજનાવગ્રહઃ વ્યંજનાવગ્રહ ચાર પ્રકારનો છેઃ ૧) શ્રોતેન્દ્રિય વ્યંજનાવગ્રહ ૨) ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ ૩) જિહ્વેન્દ્રિય વ્યંજનાવગ્રહ ૪) સ્પર્શેન્દ્રિય વ્યંજનાવગ્રહ

ચક્ષુ અને મન સિવાય શેષ ચાર ઈન્દ્રિયો પ્રાપ્યકારી છે. શ્રોતેન્દ્રિય પોતાના વિષયને કેવળ સ્પૃષ્ટ થવા માત્રથી જ ગ્રહણ કરે છે. સ્પર્શન, રસન અને ઘ્રાણેન્દ્રિય એ ત્રણ ઈન્દ્રિયો પોતાના વિષયને બદ્ધસ્પૃષ્ટ થવા પર ગ્રહણ કરે છે. જેમકે – રસનેન્દ્રિયને જયાં સુધી રસ સાથે સંબંધ ન થાય ત્યાં સુધી રસનેન્દ્રિયનો અવગ્રહ થતો નથી. એજ રીતે સ્પર્શ અને ઘ્રાણ વિષે

સમજવાનું છે. પરંતુ ચક્ષુ અને મન પોતાના વિષયને ન તો સ્પૃષ્ટથી કે ન તો બદ્ધ સ્પૃષ્ટથી પરંતુ બન્ને દૂરથી જ ગ્રહણ કરે છે.

નેત્રમાં આંજેલ અંજનને કે આંખમાં પડેલ રજકણને નેત્ર સ્વયં જોઇ ન શકે. એ જ રીતે મન પણ દૂર રહેલ વસ્તુનું ચિંતન કરી શકે છે. આ વિશેષતા ચક્ષુ અને મન બેમાં જ છે, અન્ય ઇન્દ્રિયોમાં નથી. માટે ચક્ષુ અને મનને અપ્રાપ્યકારી કહેલ છે. તેના પર વિષયકૃત અનુગ્રહ અને ઉપઘાત પણ થતો નથી. જ્યારે અન્ય ચારે ય ઇન્દ્રિયોમાં થાય છે.

અર્થાવગ્રહઃ અર્થાવગ્રહ છ પ્રકારનો છે. ૧) શ્રોતેન્દ્રિય અર્થાવગ્રહ ૨) ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ ૩) ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ ૪) જીહ્વેન્દ્રિય અર્થાવગ્રહ ૫) સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ ૬) નોઇન્દ્રિય અર્થાવગ્રહ.

અર્થાવગ્રહ થવાના સાધન છ હોય છે. તેથી અહિં તેના છ ભેદ કરેલ છે. જે રૂપાદિના અર્થને સામાન્યરૂપે ગ્રહણ કરે તેને અર્થાવગ્રહ કહે છે પરંતુ એ જ સામાન્ય જ્ઞાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં ઇહા, અવાય અને ધારણાથી સ્પષ્ટ તેમજ પરિપક્વ બને છે.

નોઇન્દ્રિયનો અર્થ મન થાય છે. કાયયોગથી લોકમાં રહેલા મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને મનઃપર્યાપ્તિ નામકર્મ વડે પ્રાપ્ત શક્તિ દ્વારા મનન કરાય છે તેને મન કહે છે.

છદ્મસ્થને જ્ઞાનની અલ્પતાને કારણે મનનમાં ચલ વિચલતા ઓછી વધારે થતી રહે છે. તે બધી મનોયોગની જ પ્રવૃત્તિ છે. શાસ્ત્રમાં મનને રૂપી કહેવામાં આવેલ છે. એટલે કે ચિંતન, મનન વગેરે મનોવર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરવાથી જ થાય છે અને તે પુદ્‌ગલ રૂપી છે. માટે મન, મનોયોગ, ચિંતન વિ. રૂપી જ છે. જેને મનઃપર્યવજ્ઞાની પોતાના જ્ઞાન વડે જોઇ શકે છે. આ મનની પાછળ મૌલિક રૂપમાં રહેલ આત્મ પરિણામ છે. તે અરૂપી છે. તે જુદા છે. તેને મન ન કહેવાય. કારણ કે મન રૂપી છે અને આત્મ પરિણામ અરૂપી છે. બન્ને એક નથી.

આ વિષયમાં વ્યાખ્યાકારોએ અન્ય અપેક્ષાને પ્રમુખ કરીને અથવા તો પોતાની સ્થૂળ દૃષ્ટિથી મનના દ્રવ્યમન અને ભાવમન એક ભેદ કર્યા છે. તેમાં છદ્મસ્થના મનને ભાવમન અને કેવળીના મનને દ્રવ્યમન કહેલ છે.

જ્યારે આગમ દૃષ્ટિએ કેવળી અને છદ્મસ્થ બન્ને કાયયોગથી મનોવર્ગણાના પુદ્‌ગલ

ગ્રહણ કરે છે અને તેને મનોયોગ વડે મનન રૂપે પરિણત કરે છે. બન્નેમાં ફરક એટલો છે કે કેવળીને મનન રૂપ પ્રવૃત્તિ માત્ર છે જયારે છદ્મસ્થને તેના મનન સાથે ચલ વિચલતા વધારે થતી રહે છે, જે તેના જ્ઞાનની અપૂર્ણતાને કારણે હોય છે. કેવળીમાં જ્ઞાનની પૂર્ણતાના કારણે તેની ચલ વિચલતા થતી નથી. માટે બન્નેનો મનોયોગ રૂપી જ છે. પરંતુ લેશ્યાની જેમ તેની રૂપી અને અરૂપી બે અવસ્થા નથી. લેશ્યાના તો શાસ્ત્રમાં પણ બે ભેદ કરવામાં આવ્યા છે. પરંતુ મનના એવા કોઇ ભેદ શાસ્ત્રમાં કરવામાં આવ્યા નથી.

અવગ્રહના પર્યાય શબ્દોઃ અર્થાવગ્રહના સમાન અર્થવાળા પાંચ નામ છેઃ ૧) અવગ્રહણતા ૨) ઉપધારણતા ૩) શ્રવણતા ૪) અવલંબનતા ૫) મેધા.

પ્રથમ સમયમાં આવેલ શબ્દ, રૂપ આદિ પુદ્‌ગલોનું સામાન્ય રૂપે ગ્રહણ કરવું તેને અવગ્રહ કહે છે. તેના ત્રણ પ્રકાર છે ૧) વ્યંજનાવગ્રહ ૨) સામાન્ય અર્થાવગ્રહ ૩) વિશેષ સામાન્ય અર્થાવગ્રહ

૧) અવગ્રહતાઃ વ્યંજનાવગ્રહનો કાળ અંતર્મુહૂર્તનો છે. તેના પહેલા સમયમાં પુદ્‌ગલોને ગ્રહણ કરવા રૂપ પરિણામને અવગ્રહણતા કહે છે.

૨) ઉપધારણતાઃ વ્યંજનાવગ્રહના પ્રથમ સમય પછીના શેષ સમયોમાં નવા નવા પુદ્‌ગુલોને પ્રતિસમયે ગ્રહણ કરવા અને પૂર્વના સમયમાં ગ્રહણ કરેલાને ધારણ કરવા તેને ઉપધારણતા કહે છે.

૩) શ્રવણતાઃ જે અવગ્રહ શ્રોતેન્દ્રિય વડે થાય છે તેને શ્રવણતા કહે છે. અર્થાત્ એક સમયમાં સામાન્ય અર્થાવગ્રહના બોધરૂપ પરિણામને શ્રવણતા કહે છે.

૪) અવલંબનતાઃ અર્થને ગ્રહણ કરે તેને અવલંબનતા કહે છે. જે સામાન્ય જ્ઞાનથી વિશેષ તરફ અગ્રસર થાય તેમજ ઉત્તરવર્તી ઇહા, અવાય અને ધારણા સુધી પહોંચે તેને અવલંબનતા કહે છે.

૫) મેધાઃ સામાન્ય અને વિશેષ બન્નેને ગ્રહણ કરે છે.

ઇહાના કેટલા પ્રકાર છે?ઃ

ઇહાના છ પ્રકાર છેઃ ૧) શ્રોતેન્દ્રિય  ઇહા ૨) ચક્ષુરિન્દ્રિય ઇહા ૩) ઘ્રાણેન્દિય ઇહા ૪) જિહ્‌વેન્દ્રિય ઇહા ૫) સ્પર્શેન્દ્રિય ઇહા ૬) નોઇન્દ્રિય ઇહા.

ઇહાના એકાર્થક પાંચ નામ છેઃ ૧) આભોગણતા ૨) માર્ગણતા ૩) ગવેષણતા ૪) ચિંતા ૫) વિમર્શ.

આભોગણતાઃ અર્થાવગ્રહના અનંતર સદ્‌ભુત અર્થ વિશેષના અભિમુખ પર્યાલોચનને આભોગણતા કહે છે.

માર્ગણતાઃ અન્વય અને વ્યતિરેક ધર્મો દ્વારા પદાર્થોનું અન્વેષણ કરવાને માર્ગણા કહે છે.

ગવેષણતાઃ વ્યતિરેક ધર્મનો ત્યાગ કરીને અન્વય ધર્મની સાથે પદાર્થોનું પર્યાલોચન ક્રિયાને ગવેષણા કહે છે.

ચિંતાઃ ક્ષયોપશમ વિશેષથી સ્પષ્ટતર સદ્‌ભૂતાર્થના અભિમુખ વ્યતિરેક ધર્મનો ત્યાગ કરીને, અન્વય ધર્મનો સ્વીકાર કરીને સ્પષ્ટપણે વિચાર કરવો, તેને વિમર્શ કહે છે.

અવાય મતિજ્ઞાનના કેટલા પ્રકાર છે?

અવાયના છ પ્રકાર છેઃ શ્રોતેન્દ્રિય અવાય ૨) ચક્ષુરિન્દ્રિય અવાય ૩) ઘ્રાણેન્દ્રિય અવાય ૪) જિહ્‌વેન્દ્રિય અવાય ૫) સ્પર્શેન્દ્રિય અવાય ૬) નોઇન્દ્રિય અવાય.

અવાયના એકાર્થક વિવિધ પ્રકારના પાંચ નામ છેઃ ૧) આવર્તનતા ૨) પ્રત્યાવર્તનતા ૩) અવાય ૪) બુદ્ધિ ૫) વિજ્ઞાન

આવર્તનતાઃ ઇહા પછી નિશ્ચય – અભિમુખ બોધ રૂપ પરિણામથી પદાર્થોનું વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરાવે તેને આવર્તનતા કહે છે.

પ્રત્યાવર્તનતાઃ આવર્તના પછી નિશ્ચયની સન્નિકટ પહોંચાડનાર ઉપયોગને પ્રત્યાવર્તના કહે છે.

અવાયઃ પદાર્થના પૂર્ણ નિશ્ચયને અવાય કહે છે.

બુદ્ધિઃ નિશ્ચયાત્મક જ્ઞાનને ક્ષયોપક્ષમ વિશેષથી સ્પષ્ટતર જાણે તેને બુદ્ધિ કહે છે.

વિજ્ઞાનઃ વિશિષ્ટતર નિશ્ચય કરેલ જ્ઞાન જે તીવ્ર ધારણાનું કારણ બને છે તેને વિજ્ઞાન કહે છે. બુદ્ધિ અને વિજ્ઞાનથી જ પદાર્થનો સમ્યક્ પ્રકારે નિશ્ચય થઇ શકે છે.

ધારણા કેટલા પ્રકારની છે?

ધારણા છ પ્રકારની છે – ૧) શ્રોતેન્દ્રિય ધારણા ૨) ચક્ષુરિન્દ્રિય ધારણા ૩) ઘ્રાણેન્દ્રિય ધારણા ૪) રસનેન્દ્રિય ધારણા ૫) સ્પર્શેન્દ્રિય ધારણા ૬) નોઇન્દ્રિય ધારણા.

ધારણાના એકાર્થક પાંચ નામ છેઃ– ૧) ધારણા ૨) સાધારણા ૩) સ્થાપના ૪) પ્રતિષ્ઠા ૫) કોષ્ઠ.

૧) ધારણાઃ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ વ્યતીત થવા પર પણ યોગ્ય નિમિત્ત મળવાથી જે સ્મૃતિ જાગી ઊઠે, તેને ધારણા કહે છે.

૨) સાધારણાઃ જાણેલ અર્થને અવિચ્યુતિ સ્મરણપૂર્વક અંતર્મુહૂર્ત સુધી ધારણ કરીને રાખે, તેને સાધારણા કહે છે.

૩) સ્થાપનાઃ નિશ્ચય કરેલ અર્થને હૃદયમાં ધારણ કરીને રાખવો અર્થાત્ સ્થાપન કરીને રાખવો, તેને સ્થાપના કહે છે. કોઇ કોઇ તેને વાસના કહે છે.

૪) પ્રતિષ્ઠાઃ અવાય દ્વારા નિર્ણિત કરેલ અર્થના ભેદ અને પ્રભેદને હૃદયમાં સ્થાપન કરીને રાખવા તેને પ્રતિષ્ઠા કહે છે.

૫) કોષ્ઠઃ કોઠીમાં રાખેલ ધાન્ય નષ્ટ થતું નથી, એજ રીતે હૃદયમાં સૂત્ર અને તેના અર્થને સુરક્ષિત કોઠીની જેમ ધારણ કરીને રાખે તેને કોષ્ઠ કહે છે.

જોકે સામાન્ય રીતે એનો એક જ અર્થ પ્રતીત થાય છે, તો પણ આ જ્ઞાનની ઉત્તરોત્તર

વિશિષ્ઠ અવસ્થાને પ્રદર્શિત કરવા માટે પર્યાયવાચી નામોનું કથન કરેલ છે.

અવગ્રહ આદિનો કાળઃ ૧)અવગ્રહ જ્ઞાનનો કાળ એક સમયનો છે ૨) ઇહાનો કાળ અંતર્મુહૂર્તનો છે. ૩) અવાયનો કાળ પણ અંતર્મુહૂર્તનો છે. ૪) ધારણાનો કાળ સંખ્યાત અથવા અસંખ્યાત કાળ છે. કારણ કે જો કોઇ સંજ્ઞી પ્રાણીનું આયુષ્ય સંખ્યાત વર્ષનું હોય તો એની ધારણા નો કાળ સંખ્યાત વર્ષ સુધીનો હોય છે અને નારકી, દેવતા કે જુગલિયા વિ. નું આયુષ્ય અસંખ્યાત વર્ષનું હોય તો તેની ધારણા પણ અસંખ્યાત કાળ પર્યંત રહી શકે છે. ધારણાની પ્રબળતાથી કોઇને પ્રત્યભિજ્ઞાન તથા જાતિસ્મરણ જ્ઞાન પણ ઉત્પન્ન થાય છે.

અવાય થઇ ગયા પછી પણ જો ઉપયોગ તેમાં લાગેલો જ રહે તો તેને અવાય નહિં અવિચ્યુતિ ધારણા કહે છે.

અવિચ્યુતિ ધારણા જ વાસનાને દઢ કરે છે. વાસના જો દઢ હશે તો તે નિમિત્ત મળવા પર સ્મૃતિને ઉદ્‌બુદ્ધ કરવામાં કારણ બને છે.

વ્યંજનાવગ્રહઃ ચાર પ્રકારના વ્યંજનાવગ્રહ, છ પ્રકારની ઇહા, છ પ્રકારનો અવાય, અને છ પ્રકારની ધારણા. આ પ્રમાણે અઠ્ઠ્યાવીસ અભિનિબોધિક મતિજ્ઞાનના વ્યંજનાવગ્રહની પ્રતિબોધક અને મલ્લક બે ઉદાહરણ વડે પ્રરૂપણા કરીશ.

પ્રતિબોધક દષ્ટાંત આ પ્રમાણે છેઃ કોઇ વ્યક્તિ કોઇ સૂતેલા પુરુષને ‘‘હે ભાઇ’’ કહી જગાડે.

શિષ્યઃ ભગવન્! શું એવું સંબોધન તે પુરુષના કાનમાં કેટલા સમયમાં પ્રવિષ્ટ પુદ્‌ગલો તે સૂતેલા પુરુષ દ્વારા ગ્રહણ કરવામાં આવે છે?

ગુરુઃ અસંખ્યાત સમયમાં પ્રવિષ્ટ પુદ્‌ગલો ગ્રહણ કરવામાં આવે છે.

આ પ્રમાણે પ્રતિબોધકના દષ્ટાંતથી વ્યંજનાવગ્રહનું સ્વરૂપ કહ્યું છે.

શ્રોતેન્દ્રિયમાં નિરંતર અસંખ્ય સમય સુધી શબ્દ–પુદ્‌ગલો પ્રવેશ કરે ત્યારે તે વ્યક્તિના શ્રવણનો વિષય થાય છે. દરેક ઇન્દ્રિયના વિષયનો ઉપયોગ થવામાં અસંખ્ય સુક્ષ્મ સમય થઇ

જાય છે. કોઇ વ્યક્તિની ઇન્દ્રિયો પોતાના વિષયમાં ગમે તેટલી પટુ હોય તો પણ તેના ઉપયોગનો સમય એટલો તો થઇ જ જાય છે.

પ્રશ્નઃ મલ્લકના દષ્ટાંતથી વ્યંજનાવગ્રહનું સ્વરૂપ કેવા પ્રકારનું છે?

જેમ કોઇ વ્યક્તિ કુંભારના નિભાડામાંથી એક શકોરૂ ગ્રહણ કરી તેમાં પાણીનું એક ટીપું નાખે તો તે નષ્ટ થઇ જાય. પછી બીજી વાર, ત્રીજી વાર એ રીતે કેટલાંક ટીપાઓં નાખે તો પણ નષ્ટ થઇ જાય. એમ નિરંતર એમાં પાણીના ટીપાં નાખતા જ રહે તો પાણીનું કોઇક ટીપુ તે શકોરાને ભીનું કરશે. ત્યારબાદ કેટલાંક ટીપાઓ એ શકોરામાં એકઠા થશે અને ધીરે ધીરે તે પાણીનાં ટીપાઓ તે શકોરાને પાણીથી ભરી દેશે. પછી કેટલાંક ટીપાઓ શકોરાની બહાર નીકળી જશે.

એ જ રીતે વ્યંજન પણ અનંત પુદ્ગલોથી ક્રમશઃ પૂરાઇ જાય છે અર્થાત્ જયારે શબ્દના પુદ્ગલ દ્રવ્ય શ્રોત્રમાં જઇ પરિણત થઇ જાય છે ત્યારે તે પુરુષ ‘હું’ એવું બોલે છે. પરંતુ એ નથી જાણતો કે આ કઇ વ્યક્તિનો શબ્દ છે. ત્યાર બાદ તે ઇહામાં પ્રવશ કરે છે ત્યારે તે જાણે છે કે આ અમુક વ્યક્તિનો શબ્દ હોવો જોઇએ. ત્યારબાદ તે અવાયમાં પ્રવેશ કરે છે. ત્યારે તેને શબ્દનું જ્ઞાન (નિર્ણય) થાય છે કે આ અમુક વ્યક્તિનો જ શબ્દ છે. ત્યારબાદ તે ધારણામાં પ્રવેશ કરે છે અને સંખ્યાત અથવા અસંખ્યાત કાળ સુધી તેને ધારણ કરીને રાખે છે.

પ્રતિબોધક અને મલ્લક એ બન્ને દષ્ટાંતથી વિષયને સ્પષ્ટ કરીને શાસ્ત્રકાર પાંચે ય ઇન્દ્રિય અને મનના વિષયને સ્પષ્ટ રૂપે કહે છે.

પાંચ ઇન્દ્રિય અને મનના અવગ્રહ આદિઃ

કોઇ વ્યક્તિ અવ્યક્ત અથવા અસ્પષ્ટ રૂપને દેખે ત્યારે તે જુએ છે કે આ રૂપ છે. એવું અસ્પષ્ટ જાણવું તે અવગ્રહ છે. પણ તે જાણતો નથી કે આ કોનું રૂપ છે? આ અમુક હોવું જોઇએ એમ વિચારે ત્યારે તે ઇહામાં પ્રવેશ કરે છે ત્યાર બાદ તે નિશ્ચય કરે છે કે આ અમુક જ રૂપ છે ત્યારે તે અવાયમાં પ્રવેશ કરે છે. ત્યાર બાદ તે ધારણામાં કરી નિશ્ચય કરેલાને તે સંખ્યાત કાળ અથવા અસંખ્યાત કાળ સુધી ધારણ કરી રાખે છે.

જેમ કોઇ વ્યક્તિ અવ્યક્ત ગંધને સૂંઘે છે ત્યારે આ કોઇ ગંધ છે એમ જ્ઞાન થાય છે તે

અવગ્રહ છે. પરંતુ એમ ન જાણે કે આ કેવા પ્રકારની ગંધ છે? ત્યાર બાદ તે આ વિષયમાં વિચાર કરે છે કે કઇ વસ્તુની ગંધ છે ત્યારે તે ઇહામાં પ્રવેશ કરે છે. ત્યાર બાદ તે જાણે છે કે આ અમુક પ્રકારની કે અમુક વસ્તુની જ ગંધ છે ત્યારે તે અવાયમાં પ્રવેશ કરે છે. પછી જાણેલી ગંધને તે સંખ્યાત કાળ અથવા અસંખ્યાત કાળ સુધી ધારણ કરીને રાખે તે ધારણા કહેવાય.

જેમ કોઇ વ્યક્તિ અવ્યક્ત રસનો આસ્વાદ કરે ત્યારે આ કોઇ સ્વાદ છે, એવું જાણે તે અવગ્રહ છે પરંતુ તે જાણતો નથી કે આ શેનો રસ છે? ત્યારબાદ આ અમુક પ્રકારનો રસ છે, એમ જાણે છે ત્યારે તે ઇહામાં પ્રવેશ કરે છે. ત્યારબાદ અવાયમાં પ્રવેશ કરીને તે નિશ્ચય કરે છે કે આ અમુક પ્રકારનો જ રસ છે. ત્યારબાદ તે રસના સ્વાદને સંખ્યાત કાળ અથવા અસંખ્યાત કાળ સુધી ધારણ કરીને રાખે તેને ધારણા કહે છે.

જેમ કોઇ પુરુષ અવ્યક્ત સ્પર્શનો અનુભવ કરે છે ત્યારે તેને આ સ્પર્શ છે એમ અવગ્રહ થાય છે. પણ આ કોનો સ્પર્શ છે તે એ જાણતો નથી. પછી તે ઇહામાં પ્રવેશ કરીને સમીક્ષા કરે છે કે આ અમુકનો સ્પર્શ હોવો જોઇએ. ત્યારબાદ અવાયમાં પ્રવેશ કરીને નિર્ણય કરે છે કે આ અમુકનો જ સ્પર્શ છે. પછી એ જ્ઞાનને સંખ્યાત કાળ કે અસંખ્યાત કાળ સુધી ધારણ કરીને રાખે છે, તે ધારણા છે.

જેમ કોઇ પુરુષ અવ્યક્ત સ્વપ્નને જુએ છે ત્યારે તે આ સ્વપ્ન છે એમ જાણે છે તે અવગ્રહ છે. પણ આ કોનું સ્વપ્ન છે તે જાણતો નથી. પછી તે ઇહામાં પ્રવેશ કરીને સમીક્ષા કરે છે કે આ અમુક પ્રકારનું સ્વપ્ન હોવું જોઇએ. ત્યાર બાદ તે અવાયમાં પ્રવેશ કરીને નિર્ણય કરે છે કે આ અમુક પ્રકારનું જ સ્વપ્ન છે. ત્યાર બાદ તે ધારણામાં પ્રવેશ કરીને સંખ્યાત કાળ કે અસંખ્યાત કાળ સુધી ધારણ કરીને રાખે છે.

મતિજ્ઞાનના ૨૮ ભેદ છે. તે પ્રત્યેક ભેદને બાર પ્રકારે ગુણાકાર કરવાથી ૩૩૬ ભેદ થાય છે. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન આ છ ના નિમિત્તથી થનારા મતિજ્ઞાનના ઇહા, અવાય, અને ધારણાના ભેદથી ચોવીસ ભેદ થાય છે. એ બધા વિષયોની વિવિધતા અને ક્ષયોપશમતાથી બાર પ્રકાર થાય છે.

૧) બહુગ્રાહી ૨) અલ્પગ્રાહી ૩) બહુવિધગ્રાહી ૪) એકવિધગ્રાહી ૫) ક્ષિપ્રગ્રાહી ૬) અક્ષિપ્રગ્રાહી ૭) અનિશ્રિતગ્રાહી ૮) નિશ્રિતગ્રાહી ૯) અસંદિગ્ધગ્રાહી ૧૦) સંદિગ્ધગ્રાહી ૧૧)

ધ્રુવગ્રાહી ૧૨) અધ્રુવગ્રાહી

૧) બહુઃ તેનો અર્થ અનેક છે. તે સંખ્યા અને પરિમાણ (માપ) બન્નેની અપેક્ષાએ થઇ શકે છે. વસ્તુની અનેક પર્યાયને તથા ઘણા પરિમાણવાળા દ્રવ્યને જાણે અથવા બહુ મોટા પરિમાણવાળા વિષયને પણ જાણે તેને 'બહુ' કહે છે.

૨) અલ્પઃ કોઇ એક જ વિષયને અથવા એક જ પર્યાયને સ્વલ્પ માત્રામાં જાણે તેને અલ્પ કહે છે.

૩) બહુવિધઃ કોઇ એક જ દ્રવ્યને, કોઇ એક જ વિષયને અથવા કોઇ એક જ વસ્તુને ઘણા પ્રકારે જાણે જેમ કે વસ્તુનો આકાર, પ્રકાર, રંગ, રૂપ, લંબાઇ, પહોળાઇ, જાડાઇ તેમજ તેની અવધિ ઇત્યાદિ અનેક પ્રકારે જાણે તેને બહુવિધ કહે છે.

૪) અલ્પવિધઃ કોઇ પણ વસ્તુની પર્યાયને મતિ અથવા સંખ્યા આદિને અલ્પ પ્રકારે જાણે પણ ભેદ પ્રભેદ ન જાણે તેને અલ્પવિધ કહે છે.

૫) ક્ષિપ્રઃ કોઇ વક્તા અથવા લેખક્ના ભાવોને શીઘ્ર જ કોઇ પણ ઇન્દ્રિય અથવા મન વડે જાણી લે, સ્પર્શેન્દ્રિય વડે અંધકારમાં પણ કોઇ વ્યક્તિ અથવા વસ્તુને ઓળખી લે તેને ક્ષિપ્ર કહે છે.

૬) અક્ષિપ્રઃ ક્ષયોપશમની મંદતાને કારણે અથવા વિક્ષિપ્ત ઉપયોગને કારણે કોઇ પણ ઇન્દ્રિય અથવા મનના વિષયને અનભ્યસ્ત અવસ્થામાં થોડા સમય બાદ જાણે તેને અક્ષિપ્ર કહે છે.

૭) અનિશ્રિતઃ કોઇ પણ હેતુ વિના અથવા કોઇ પણ નિમિત્ત વિના વસ્તુની પર્યાય અને તેના ગુણને જાણે. વ્યક્તિના મગજમાં એકાએક સુઝ ઉત્પન્ન થાય અને એ જ વાત કોઇ શાસ્ત્ર અથવા પુસ્તકમાં લખેલી જોવા મળી જાય એવી બુદ્ધિને અનિશ્રિત કહે છે.

૮) નિશ્રિતઃ કોઇ હેતુ, યુક્તિ, નિમિત્ત લિંગ આદિ વડે જાણે, જેમ કે કોઇ એક વ્યક્તિએ શુક્લ પક્ષની એકમના ઉપયોગની એકાગ્રતાથી અચાનક ચંદ્રદર્શન કરી લીધા અને બીજી વ્યક્તિએ કોઇના કહેવાથી અથવા બાહ્ય નિમિત્તથી ચંદ્રદર્શન કર્યા. આ બેમાં પહેલી વ્યક્તિ

પહેલા પ્રકારની કોટિમાં ગણાય છે અને બીજી વ્યક્તિ બીજા પ્રકારની કોટિમાં ગણાય છે અર્થાત્ કોઇ પણ કારણે જ્ઞાન ઉત્પન્ન થાય તેને અનિશ્રિત કહે છે.

૯) અસંદિગ્ધઃ કોઇ વ્યક્તિને દ્રવ્ય અથવા પર્યાયનું જે કાંઇ જ્ઞાન થાય તે સંદેહ રહિત જાણે, જેમ કેઃ આ સંતરાનો રસ છે, આ ગુલાબનું ફૂલ છે અથવા જે વ્યક્તિ આવી રહી છે તે મારો ભાઇ છે, એવું ચોક્કસ સમાધાન યુક્ત જ્ઞાન થાય તેને અસંદિગ્ધ કહે છે.

૧૦) સંદિગ્ધઃ જિજ્ઞાસાઓ અને શંકાથી યુક્ત પરિપૂર્ણ સંતોષ રહિત સંદેહ યુક્ત જ્ઞાન થાય તેને સંદિગ્ધ કહે છે.

૧૧) ધ્રુવઃ ઇન્દ્રિય અને મનને નિમિત્ત મળવાથી વિષયને બરાબર જાણે અને તેમાં જ કાયમ રહે છે, ટકી રહે છે, તેને ધ્રુવ કહે છે.

૧૨) અધ્રુવઃ થયેલ માન પલચતુ રહે એવા અસ્થિરતાવાળા જ્ઞાનને અધ્રુવ કહે છે.

બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિશ્રિત, અસંદિગ્ધ અને ધ્રુવ એમાં વિશેષ પ્રકારનો ક્ષયોપશમ, ઉપયોગની એકાગ્રતા, તેમજ અભ્યસ્તતા કારણ બને છે જયારે અલ્પ, અલ્પવિધ, અક્ષિપ્ર, નિશ્રિત, સંદિગ્ધ અને અધ્રુવ જ્ઞાનમાં ક્ષયોપશમની મંદતા, ઉપયોગની વિક્ષિપ્તતા, અનભ્યસ્તતા આદિ કારણ બને છે.

કોઇને ચક્ષુરિન્દ્રિયની પ્રબળતા હોય છે. તે કોઇ પણ વસ્તુને અથવા શત્રુ મિત્રાદિને દૂરથી જ સ્પષ્ટ જોઇ લે છે. કોઇને શ્રોતેન્દ્રિયની પ્રબળતા હોય તો તે એકદમ ધીરા અવાજને પણ સહેલાઇથી સાંભળી શકે છે. જેની ઘ્રાણેન્દ્રિય તીવ્ર હોય તે પરોક્ષમાં રહેલી ગંધ સહારે વસ્તુને ઓળખી લે છે. મનુષ્ય જીભ વડે ચાખીને ખાદ્યપદાર્થોનું મૂલ્ય કરી શકે છે તેમજ તેમાં રહેલા ગુણદોષોને ઓળખી લે છે. નેત્રહીન વ્યક્તિ લખેલા અક્ષરોને પોતાની તીવ્ર સ્પર્શેન્દ્રિય વડે સ્પર્શ કરીને વાંચી સંભળાવે છે.

એવી જ રીતે નોઇન્દ્રિય અર્થાત મનની તીવ્ર શક્તિ વડે અથવા પ્રબળ ચિંતન મનન દ્વારા કોઇ વ્યક્તિ ભવિષ્યમાં થનારી ઘટના અને તેના શુભાશુભ પરિણામને બતાવી શકે છે. આ બધું જ્ઞાનાવરણીય અને દર્શનાવર્ણનીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમનું અદ્ભુત ફળ છે.

મતિજ્ઞાન પાંચ ઇન્દ્રિય અને છટ્ઠા મનના માધ્યમથી ઉત્પન્ન થાય છે. આ છ ભેદને અર્થાવગ્રહ, ઇહા, અવાય અને ધારણાની સાથે જોડવાથી ચોવીસ ભેદ થાય છે. ચક્ષુ અને મનને છોડીને ચાર ઇન્દ્રિયો દ્વારા વ્યંજનાવગ્રહ થાય છે. ઉપર બતાવેલ ચોવીસ ભેદમાં આ ચાર ભેદ મેળવવાથી અઠ્ઠ્યાવીસ ભેદ થાય છે અને એ અઠ્ઠ્યાવીસને બાર–બાર ભેદથી ગુણાકાર કરવાથી ત્રણસોને છત્રીસ ભેદ થાય છે. મતિજ્ઞાનના આ ત્રણસોને છત્રીસ ભેદ પણ સ્થૂળ દૃષ્ટિથી સમજવાના છે. જો સુક્ષ્મદૃષ્ટિથી સમજીએ તો અનંત ભેદ બને છે.

દ્રવ્યાથી ભેદથી મતિજ્ઞાનનો વિષયઃ

અભિનિબોધિક– મતિજ્ઞાન સંક્ષેપથી ચાર પ્રકારે કહ્યું છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

૧) દ્રવ્યથીઃ દ્રવ્યથી મતિજ્ઞાની સામાન્ય રૂપે સર્વ દ્રવ્યોને જાણે છે પણ દેખે નહિં.

૨) ક્ષેત્રથીઃ ક્ષેત્રથી મતિજ્ઞાની સામાન્ય રૂપે સર્વ ક્ષેત્રને જાણે છે પણ દેખે નહિં.

૩) કાળથીઃ  કાળથી મતિજ્ઞાની સામાન્ય રૂપે ત્રણે કાળને જાણે છે પણ દેખે નહિં.

૪) ભાવથીઃ– ભાવથી મતિજ્ઞાની સામાન્ય રૂપે ભાવો ને જાણે છે પણ દેખે નહિં.

અભિનિબોધિક (મતિજ્ઞાન)નો ઉપસંહારઃ

૧) અભિનિબોધિક મતિજ્ઞાનના સંક્ષેપમાં  અવગ્રહ, ઇહા, અવાય, અને ધારણા એ ચાર ભેદ ક્રમથી બતાવ્યા છે.

૨) ઇન્દ્રિય વિષયોને ગ્રહણ કરવામાં અવગ્રહ મતિજ્ઞાન થાય છે. તે ગ્રહણ કરેલ વિષયમાં સમીક્ષા કરવાથી ઇહા મતિજ્ઞાન થાય છે. તે વિષયમાં નિર્ણય થવો તે અવાય મતિજ્ઞાન છે અને તે નિર્ણયરૂપ અવાય મતિજ્ઞાનને સ્મૃતિના રૂપમાં ધારણ કરવું, તે ધારણા કહેવાય છે.

૩) અવગ્રહ જ્ઞાનનું કાળ પરિમાણ એક સમયનું છે. ઇહા અને અવાય જ્ઞાનનું કાળ પરિમાણ અંતર્મુહુર્ત છે. તથા ધારણાનું કાળ પરિમાણ સંખ્યાત કાળ અથવા અસંખ્યાત કાળ

પર્યંત છે, એમ જાણવું અર્થાત્ ધારણાનો ઉત્કૃષ્ટ કાળ અસંખ્ય વર્ષનો છે.

૪) શ્રોતેન્દ્રિયની સાથે સ્પૃષ્ટ થવા પર જ શબ્દ સાંભળી શકાય છે પરંતુ નેત્રરૂપને સ્પૃષ્ટ કર્યા વગર જ દેખે છે કારણ કે ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્યકારી છે. ઘ્રાણ, રસન અને સ્પર્શન ઈન્દ્રિયો દ્વારા બદ્ધ અને સ્પૃષ્ટ થયેલા ગંધ, રસ અને સ્પર્શના પુદ્ગલો જ જાણવામાં આવે છે, એમ કહેવું જોઇએ.

૫) વક્તા દ્વારા તજાયેલા ભાષા રૂપ પુદ્ગલ સમુહની સમશ્રેણીમાં સ્થિત શ્રોતા જે શબ્દ સાંભળી શકે છે તે નિયમથી અન્ય શબ્દ દ્રવ્યોથી મિશ્રિત જ સાંભળે છે. વિશ્રેણીમાં સ્થિત શ્રોતા નિયમથી પરાઘાત થયેલ શબ્દને જ સાંભળે છે.

૬) ૧) ઇહા – સદર્થે પર્યાલોચન રૂપ ૨) અપોહ – નિશ્ચયાત્મક જ્ઞાન સમીક્ષા ૩) વિમર્શ – વિચારણા ૪) માર્ગણાઅન્વયધર્મ વિધાનરૂપ વિચારણા ૫) ગવેષણા–વ્યતિએ ધર્મનિરાકરણરૂપ વિચારણા ૬) સંજ્ઞા ૭) સ્મૃતિ ૮) મતિ ૯) પ્રજ્ઞા એ દરેક અભિનિબોધિક મતિજ્ઞાનના પર્યાયવાચી નામ છે.

વક્તા કાયયોગથી ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને તેને વચનયોગથી ભાષારૂપમાં પરિણમાવે છે ત્યાર બાદ કાયયોગ થી છોડે છે. પ્રથમ સમયમાં ગૃહીત પુદ્ગલોને બીજા સમયમાં અને બીજા સમયમાં ગૃહીત પુદ્ગલોને ત્રીજા સમયમાં છોડે છે.

વક્તા દ્વારા છોડેલા શબ્દો દરેક દિશાઓમાં વિદ્યમાન શ્રેણિઓ (આકાશના પ્રદેશોની પંક્તિઓ)માં અગ્રસર થાય છે કેમ કે શ્રેણિના પ્રમાણે જ તેની ગતિ થાય છે. વિશ્રેણિમાં ગતિ થતી નથી.

વક્તા જયારે બોલે છે ત્યારે સમશ્રેણિમાં ગમન કરતાં કરતાં તેના દ્વારા છોડાયેલા શબ્દો તે જ શ્રેણિમાં પહેલેથી વિદ્યમાન ભાષા વર્ગણાના દ્રવ્યને પોતાના રૂપમાં (શબ્દ રૂપમાં) પરિણત કરી લે છે. આ રીતે તે બન્ને પ્રકારના શબ્દો (મૂળ શબ્દો અને વાસિત શબ્દો) ને સમશ્રેણીમાં સ્થિત શ્રોતાજન ગ્રહણ કરે છે માટે મિશ્રિત શબ્દોનું ગ્રહણ કરવાનું કહેલ છે.

આ વાત સમશ્રેણીમાં સ્થિત શ્રોતાજનોની થઇ પરંતુ વિશ્રેણિમાં સ્થિત અર્થાત્ વક્તા

દ્વારા છોડાયેલા શબ્દ દ્રવ્ય જે શ્રેણીમાં ગમન કરી રહેલ હોય તેનાથી ભિન્ન શ્રેણિમાં સ્થિત શ્રોતા કેવા પ્રકારના શબ્દોને સાંભળે છે? કેમકે વક્તા દ્વારા છોડાયેલા શબ્દ વિશ્રેણિમાં જઇ શકતા નથી પછી એ સાંભળે કેવી રીતે?

આ શંકાનું સમાધાન ગાથાના ઉતરાર્ધમાં કરેલ છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે – વિશ્રેણિમાં સ્થિત શ્રોતા ન તો વક્તા દ્વારા નિઃસૃષ્ટ શબ્દને સાંભળે કે ન તો મિશ્રિત શબ્દોને સાંભળે, તે વાસિત શબ્દોને જ સાંભળે છે. કારણ કે વક્તા દ્વારા નિઃસૃષ્ટ શબ્દ બીજા ભાષા દ્રવ્યને શબ્દ રૂપમાં વાસિત કરે છે અને એ વાસિત શબ્દ વિભિન્ન સમશ્રેણિમાં જઇને શ્રોતાના વિષયભૂત બને છે.

મતિજ્ઞાનના સાધનભૂત પાંચ ઇન્દ્રિયોની ઉત્કૃષ્ટ શક્તિ આ પ્રમાણે છેઃ શ્રોતેન્દ્રિયની ઉત્કૃષ્ટ શક્તિ બાર જોજનથી આવેલ શબ્દને સાંભળવાની છે. ગંધ, રસ અને સ્પર્શના પુદ્ગલોને ગ્રહણ કરવાની ઉત્કૃષ્ટ શક્તિ ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની નવ જોજનની છે. ચક્ષુરિન્દ્રિયની શક્તિ લાખ જોજનથી અધિક રૂપને ગ્રહણ કરવાની છે. આ કથન અભાસ્વર (અપ્રકાશક) દ્રવ્યની અપેક્ષાએ છે પરંતુ પ્રકાશક દ્રવ્યની અપેક્ષાએ લાખો જોજન દૂરથી દેખી શકે છે. જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ દરેક ઇન્દ્રિય પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે.

જાતિસ્મરણ જ્ઞાન પણ મતિજ્ઞાનનો જ એક પર્યાય છે. જાતિસ્મરણ જ્ઞાની ઉત્કૃષ્ટ સંજ્ઞીપણે કરેલા પોતાના નવસો ભવોને જાણી શકે છે.

પ્રકરણ ૮

# શ્રુતજ્ઞાનના ભેદ પ્રભેદ

પ્રશ્નઃ શ્રુતજ્ઞાનરૂપ પરોક્ષજ્ઞાન કેટલા પ્રકારનું છે?

ઉત્તરઃ શ્રુતજ્ઞાનરૂપ પરોક્ષજ્ઞાન ચૌદ પ્રકારનું છેઃ ૧) અક્ષર શ્રુત ૨) અનક્ષર શ્રુત ૩) સંજ્ઞી શ્રુત ૪) અસંજ્ઞી શ્રુત ૫) સમ્યક્ શ્રુત ૬) મિથ્યા શ્રુત ૭) સાદિ શ્રુત ૮) અનાદિ શ્રુત ૯) અપર્યસિત શ્રુત ૧૦) અપર્યવસિત શ્રુત ૧૧) ગમિક શ્રુત ૧૨) અગમિક શ્રુત ૧૩) અંગપ્રવિષ્ટ શ્રુત ૧૪) અનંગપ્રવિષ્ટ શ્રુત.

૧) અક્ષર શ્રુતઃ અક્ષરશ્રુતના કેટલા પ્રકાર છે?

ઉત્તરઃ અક્ષર શ્રુતના ત્રણ પ્રકાર છેઃ ૧) સંજ્ઞા અક્ષર ૨) વ્યંજન અક્ષર ૩) લબ્ધિ અક્ષર

અક્ષરનું સંસ્થાન અથવા આકૃતિ આદિ, જે ભિન્ન ભિન્ન લિપિઓમાં ભિન્ન ભિન્ન રીતે લખાય છે તેને સંજ્ઞા અક્ષર કહે છે.

ઉચ્ચારણ કરવામાં આવતા અક્ષરોને વ્યંજન અક્ષર કહે છે.

અક્ષર લબ્ધિધારી જીવને લબ્ધિ અક્ષર ઉત્પન્ન થાય છે અર્થાત્ ભાવરૂપ શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છેઃ શ્રોતેન્દ્રિય લબ્ધિ અક્ષર, ચક્ષુરિન્દ્રિય લબ્ધિ અક્ષર, ઘ્રાણેન્દ્રિય લબ્ધિ અક્ષર, રસનેન્દ્રિય લબ્ધિ અક્ષર, સ્પર્શેન્દ્રિય લબ્ધિ અક્ષર, નોઇન્દ્રિય લબ્ધિ અક્ષર. આ પ્રમાણે અક્ષર શ્રુતનું વર્ણન થયું.

૧) સંજ્ઞા અક્ષરઃ અક્ષરની આકૃતિ, બનાવટ અર્થાત્ સંસ્થાનને સંજ્ઞાક્ષર કહે છે. દા.ત. અ, આ, ઇ ઈ, ઉ ઊ ઇત્યાદિ અથવા A, B, C, D, ઇત્યાદિ. આ વિશ્વમાં જેટલી લિપિ પ્રસિદ્ધ છે એ દરેક લિપિના અક્ષરને સંજ્ઞાક્ષર કહે છે.

૨) વ્યંજનાક્ષરઃ જેનાથી આકાર આદિ અક્ષરના અર્થનો સ્પષ્ટ બોધ થાય અર્થાત્ અકાર,

ઇકાર, આદિ અક્ષર બોલવામાં આવે છે. તેમજ આ વિશ્વમાં બોલવામાં જેટલી ભાષા વપરાય છે તેના ઉચ્ચારણ ના અક્ષરને વ્યંજનાક્ષર કહે છે.

લબ્ધ્યક્ષરઃ લબ્ધિ ઉપયોગનું નામ છે. શબ્દ સાંભળીને અર્થના અનુભવપૂર્વક પર્યાલોચન તેને લબ્ધિ અક્ષર કહે છે. તેને ભાવશ્રુત પણ કહે છે. કેમ કે અક્ષરના ઉચ્ચારણથી એના અર્થનો જે બોધ થાય તેનાથી ભાવશ્રુત ઉત્પન્ન થાય છે.

અહિં પ્રશ્ન થાય છે કે ઉપર્યુક્ત લક્ષણ સંજ્ઞી જીવોમાં ઘટિત થાય છે પરંતુ વિકલેન્દ્રિય તેમ જ અસંજ્ઞી જીવોમાં અકાર આદિ વર્ણોને સાંભળવાની તથા ઉચ્ચારણ કરવાની શક્તિનો અભાવ હોય છે તો પછી એ જીવોને લબ્ધિ અક્ષર કેવી રીતે સંભવી શકે?

ઉત્તરઃ શ્રોતેન્દ્રિયનો અભાવ હોવા છતાં તેવા પ્રકારનો ક્ષયોપશમ તે જીવોમાં હોય જ છે. માટે તેને અવ્યક્ત ભાવશ્રુત પ્રાપ્ત થાય છે. તે જીવોમાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા હોય છે. તીવ્ર અભિલાષાને સંજ્ઞા કહે છે. અભિલાષા એ જ પ્રાર્થના છે. ભય દૂર થઇ જાય, અમુક ચીજ મને પ્રાપ્ત થઇ જાય, એવા પ્રકારની ઇચ્છા અક્ષરાનુસારી હોવાથી તેને પણ લબ્ધિ અક્ષર હોય છે.

લબ્ધિ અક્ષર શ્રુત છ પ્રકારનું છેઃ

૧) જીવ શબ્દ, અજીવ શબ્દ અથવા મિશ્ર શબ્દ સાંભળીને કહેનારનો ભાવ સમજી લેવો તે શ્રોતેન્દ્રિય લબ્ધ્યક્ષર છે અથવા ગર્જનાથી, હણહણાટથી, ભૂંકવાથી, કાગડા વિ. ના શબ્દ સાંભળીને તિર્યંચ જીવોના ભાવ સમજી લેવા તેને શ્રોતેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત કહે છે.

૨) પત્ર પત્રિકા અને પુસ્તક આદિ વાંચીને અથવા બીજાના સંકેત તથા ઇશારો વગેરે જોઇને તેના અભિપ્રાય જાણી લેવા તેને ચક્ષુરિન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત કહે છે.

૩) ભિન્ન ભિન્ન જાતિના ફળો તથા ફૂલોની સુગંધ, પશુ પક્ષીની ગંધ, અમુક સ્ત્રી પુરુષની ગંધ, અમુક ભક્ષ્ય તથા અભક્ષ્યની ગંધને સૂંઘીને જાણી લે કે આ અમુકની જ ગંધ છે, તેને ઘ્રાણેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત કહે છે.

૪) કોઇ પણ ખાદ્ય પદાર્થ ચાખીને તેના ખાટા, મીઠા, તીખા, કડવા, તુરા આદિ રસથી પદાર્થનું જ્ઞાન થાય તેને જિહ્વેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત કહે છે.

૫) શીત, ઉષ્ણ, હળવો, ભારે, કઠોર અથવા કોમળ સ્પર્શ દ્વારા વસ્તુને ઓળખી લેવી તથા પ્રજ્ઞાચશુ હોવા છતાં સ્પર્શ માત્રથી અક્ષરને ઓળખીને તેના ભાવને સમજી લેવા તેને સ્પર્શેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત કહે છે.

૬) જીવ જે વસ્તુનું ચિંતન કરે છે, તેની અક્ષર રૂપે શબ્દાવલિ અથવા વાક્યાવલિ બની જાય છે. જેમ કે અમુક વસ્તુ મને મળી જાય અથવા મારો મિત્ર મને મળી જાય તો હું મારી જાતને પુણ્યશાળી સમજીશ. એવી વિચાર ધારાને નોઇન્દ્રિય અથવા મનોજન્ય લબ્ધિ અક્ષર શ્રુત કહે છે.

અહીં પ્રશ્ન થાય છે કે પાંચ ઇન્દ્રિય અને મન એ છ ના નિમિત્તથી મતિજ્ઞાન પણ ઉત્પન્ન થાય છે અને શ્રુતજ્ઞાન પણ ઉત્પન્ન થાય છે તો આ છ ના નિમિત્તથી અથવા કોઇ પણ નિમિત્તથી જ્ઞાન ઉત્પન્ન થાય તેને મતિજ્ઞાન કહેવાય કે શ્રુતજ્ઞાન?

ઉત્તરઃ જયારે જ્ઞાન અક્ષર રૂપે બને ત્યારે તેને શ્રુત કહેવાય અર્થાત્ મતિજ્ઞાન કારણ છેઅને શ્રુતજ્ઞાન તેનું કાર્ય છે. મતિજ્ઞાન સામાન્ય છે અને શ્રુતજ્ઞાન વિશેષ છે. મતિજ્ઞાન મૂંગુ છે અને શ્રુતજ્ઞાન મુખર છે. મતિજ્ઞાન અનક્ષર છે અને શ્રુતજ્ઞાન અક્ષર પરિણત છે. જયારે ઇન્દ્રિય અને મનથી અનુભૂતિ રૂપ જ્ઞાન થાય ત્યારે તેને મતિજ્ઞાન કહેવાય પણ જયારે તે અક્ષર રૂપે સ્વયં અનુભવ કરે અથવા પોતાનો અભિપ્રાય બીજાને કોઇ પણ પ્રકારની ચેષ્ટાથી બતાવી દે ત્યારે અનુભવને અથવા ચેષ્ટા આદિને શ્રુતજ્ઞાન કહે છે. બન્ને જ્ઞાન સહચારી છે. જીવનો સ્વભાવ એવો છે કે તેનો ઉપયોગ એક સમયમાં એક તરફ જ હોય છે, એક સાથે બન્ને તરફ ન હોય.

૨) અનક્ષર શ્રુતઃ

અનક્ષર શ્રુતના કેટલા પ્રકાર છે?

ઉત્તરઃ અનક્ષર શ્રુતના અનેક પ્રકાર કહ્યા છે. જેમ કે શ્વાસ લેવો–મૂકવો, થૂંકવું, ઉધરસ ખાવી, છીંક ખાવી, નાક સાફ કરવું, તેમ જ બીજી અનુસ્વાર યુક્ત ચેષ્ટા કરવી એ દરેક અવાજ અનક્ષર શ્રુત છે.

જે શબ્દ વર્ણનાત્મક ન હોય, કેવળ ધ્વનિ રૂપજ હોય, તેને અનક્ષર શ્રુત કહે છે. બુદ્ધિપૂર્વક બીજાને સુચિત કરવા માટે, સ્વયં આવવા જવાની સુચના દેવા માટે, ફરજ પર પહોંચવા માટે, માર્ગદર્શન માટે જે કાંઇ ધ્વનિ અથવા સંકેત કરવામાં આવે તે દરેકને અનક્ષર શ્રુત કહેવાય. ઉક્ત ધ્વનિઓ ભાવશ્રુતનું કારણ હોવાથી તેને દ્રવ્યશ્રુત કહે છે.

૩-૪) સંજ્ઞી-અસંજ્ઞી શ્રુતઃ

સંજ્ઞી શ્રુત કેટલા પ્રકારનું છે?

ઉત્તરઃ સંજ્ઞી શ્રુત ત્રણ પ્રકારનું છે. જેમ કે ૧) કાલિકોપદેશથી ૨) હેતુઉપદેશથી ૩) દ્રષ્ટિવાદોપદેશથી

૧) કાલિકોપદેશઃ જેનામાં સમ્યક્ અર્થને વિચારવાની બુદ્ધિ હોય, જે દીર્ઘકાલિક વિચારણા કરે એટલે કે ભૂત, ભવિષ્ય અને વર્તમાન માટે અમુક કાર્ય કેવું થયું, કેવું થશે અને કેવું થઇ રહ્યું છે એવું જે ચિંતન કરે તેમજ વિચાર-વિમર્શ આદિ વડે વસ્તુના તત્ત્વને સારી રીતે જાણી શકે તે સંજ્ઞી કહેવાય. ગર્ભજ તિર્યંચ, મનુષ્ય, ઔપપાતિક દેવ અને નારક જીવ એ બધા મનઃપર્યાપ્તિથી સંપન્ન સંજ્ઞી જીવ કહેવાય છે. કેમ કે ત્રિકાળ વિષયક ચિંતા તેમજ વિચાર વિમર્શ આદિ તેને સંભવી શકે છે. પરંતુ જેને મનોલબ્ધિ પ્રાપ્ત ન હોય તેને અસંજ્ઞી કહેવાય છે. સમૂચ્છિમ પંચેન્દ્રિય, ચૌરેન્દ્રિય, તેઇન્દ્રિય, બેઇન્દ્રિય, એકેન્દ્રિય એ દરેકનો સમાવેશ અસંજ્ઞીમાં થાય છે.

કાલિક શબ્દથી અહિં દીર્ઘકાલિક અર્થ અપેક્ષિત છે. ઉપદેશ શબ્દ વિચારણાના અર્થમાં પ્રયુક્ત છે. માટે દીર્ઘકાલિક વિચારણા કરનાર સંજ્ઞીનું શ્રુત અને તેનાથી વિપરીત અસંજ્ઞીનું શ્રુત એ બન્નેને કાલિકોપદેશથી શ્રુતમાં ગ્રહણ કરેલ છે.

જેવી રીતે મનોલબ્ધિ સ્વલ્પ, સ્વલ્પતર અને સ્વલ્પતમ હોય છે, એવી રીતે અસ્પષ્ટ, અસ્પષ્ટતર અને અસ્પષ્ટતમ અર્થની પણ પ્રાપ્તિ થાય છે. જેમ કે સંજ્ઞી પંચેન્દ્રિયથી સંમૂચ્છિમ પંચેન્દ્રિયમાં અસ્પષ્ટ જ્ઞાન હોય છે, તેનાથી ચૌરેન્દ્રિયમાં ન્યુન તેનાથી તેઇન્દ્રિયમાં કંઇક ઓછુ અને બેઇન્દ્રિયમાં અસ્પષ્ટતર હોય છે. એકેન્દ્રિયમાં અસ્પષ્ટતમ અર્થની પ્રાપ્તિ થઇ શકે છે. એ બધા સંજ્ઞી જીવો હોવાથી તેનું શ્રુત અસંજ્ઞી શ્રુત કહેવાય છે.

૨) હેતુ-ઉપદેશઃ હિતાહિત, યોગ્યાયોગ્યની વિચારણા. જે બુદ્ધિપૂર્વક સ્વદેહ પાલન માટે

ઈષ્ટ આહાર આદિમાં પ્રવૃત્તિ કરે અને અનિષ્ટ આહાર આદિથી નિવૃત્તિ પામે તેને હેતુ ઉપદેશથી સંજ્ઞી કહે છે. તેનાથી વિપરીત હોય તેને અસંજ્ઞી કહે છે. આ દૃષ્ટિ એ ચાર ત્રસ સંજ્ઞી છે અને પાંચ સ્થાવર અસંજ્ઞી છે. માટે હેતોપદેશથી ત્રસ જીવોનું શ્રુત સંજ્ઞીશ્રુત છે અને સ્થાવર જીવોનું શ્રુત અસંજ્ઞીશ્રુત છે.

૩) દૃષ્ટિવાદોપદેશઃ દૃષ્ટિની અપેક્ષાએ વિચારણા. જે સમ્યગ્દૃષ્ટિ ક્ષયોપશમ જ્ઞાનથી યુક્ત હોય તે દૃષ્ટિવાદોપદેશથી સંજ્ઞી કહેવાય. વસ્તુતઃ યથાર્થ રૂપથી હિતાહિતમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ સમ્યગ્દૃષ્ટિ વિના થઈ શકે નહિં. એનાથી વિપરીત જે મિથ્યાદૃષ્ટિ છે તેનું શ્રુત દૃષ્ટિવાદોપદેશની અપેક્ષાએ અસંજ્ઞીશ્રુત કહે છે.

૫) સમ્યક્શ્રુતઃ સમ્યક્શ્રુત કોને કહે છે?

સમ્યક્શ્રુત, ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરનાર, ત્રિલોકવર્તી જીવોએ આદર–સન્માન અને ભક્તિભાવથી જોયેલ, ઉત્કીર્તન કરેલ, ભાવયુક્ત નમસ્કાર કરેલ એવા અતીત, વર્તમાન, અને અવાગતને જાણનાર, સર્વજ્ઞ અને સર્વદર્શી તીર્થંકર ભગવંતો દ્વારા પ્રણીત–અર્થ–થી કથન કરાયેલ આ દ્વાદશાંગ રૂપ ગણિપિટક છે.

૧) આચારાંગ ૨) સૂત્રકૃતાંગ ૩) સ્થાનાંગ ૪) સમવાયાંગ ૫) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ ૬) જ્ઞાતાધર્મકથાંગ ૭) ઉપાસકદશાંગ ૮) અંતકૃતદશાંગ ૯) અનુત્તરોપપાતિક દશાંગ ૧૦) પ્રશ્નવ્યાકરણ ૧૧) વિપાક અને ૧૨) દૃષ્ટિવાદ, આ સમ્યક્ શ્રુત છે.

૨) આ દ્વાદશાંગ ગણિપિટક ચૌદ પૂર્વધારીનું સમ્યક્શ્રુત જ હોય છે. દશ પૂર્વમાં કંઈક ન્યુન અને નવ પૂર્વનું જ્ઞાન હોય તો વિકલ્પ છે અર્થાત્ સમ્યક્શ્રુત હોય અને ન પણ હોય.

સમ્યક્શ્રુત વિષે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેમ કેઃ ૧) સમ્યક્શ્રુતના પ્રણેતા કોણ? સમ્યક્શ્રુત કોને કહેવાય? ૩) ગણિપિટકનો અર્થ શું થાય? ૪) આપ્ત પુરુષ કોને કહેવાય?

સમ્યક્ શ્રુતના પ્રણેતા અરિહંત ભગવાન છે. અરિહંત શબ્દ ગુણવાચક છે. વ્યક્તિ વાચક નથી. ભવિષ્યમાં અરિહંત પદ પ્રાપ્ત કરનારા જીવો અથવા જે અરિહંતોએ સિદ્ધપદ પ્રાપ્ત કર્યુ છે એવા પરિત્યક્ત શરીર જે દ્રવ્ય નિક્ષેપની અંતર્ગત હોય છે તે પણ સમ્યક્શ્રુતના પ્રણેતા બની શકે નહિં. કેવળ ભાવનિક્ષેપથી જે અરિહંત છે તે જ સમ્યક્ શ્રુતના પ્રણેતા હોય છે. ભાવ અરિહંત માટે

સુત્રકારે સાત વિશેષણો બતાવ્યા છે.

૧) અરિહંતેહિઃ જે રાગદ્વેષ, વિષયકષાય આદિ અઢાર દોષોથી રહિત હોય અને ચાર ઘનઘાતિ કર્મનો ક્ષય કર્યો હોય, એવા ઉત્તમ પુરુષને ભાવ અરિહંત કહે છે.

૨) ભગવંતેહિઃ ભગવાન શબ્દ સાહિત્યમાં ઉચ્ચ કોટિનો ગણાય છે અર્થાત જે મહાન આત્મામાં સંપૂર્ણ ઐશ્વર્ય, નિઃસીમ ઉત્સાહ, ત્રિલોકવ્યાપી યશ, સંપૂર્ણ શ્રીરૂપ સૌંદર્ય, સોળ કળા યુક્ત ધર્મ, ઉદેશ્ય પૂર્તિ માટે કરવામાં આવેલ અથાગ પરિશ્રમ અને સમસ્ત ઉત્તમોત્તમ ગુણના ધારક હોય તેને જ ભગવાન કહેવામાં આવેલ છે. સિદ્ધ ભગવાનનો અહિં ભગવાન શબ્દમાં સમાવેશ કરેલ નથી. કારણ કે અશરીરી હોવાને કારણે તે શ્રુતજ્ઞાનના પ્રરૂપક હોતા નથી.

૩) ઉપ્પણ્ણ ણાણ દંસણ ધરેહિંઃ અરિહંતનું ત્રીજુ વિશેષણ છે – ઉત્પન્ન જ્ઞાન દર્શનના ધારક. જ્ઞાન દર્શન તો અધ્યયન અને અભ્યાસથી પણ થઈ શકે છે, પરંતુ એવા જ્ઞાન–દર્શનમાં પૂર્ણતા હોતી નથી. અહિં સંપૂર્ણ જ્ઞાન દર્શનની વાત છે માટે ઉત્પન્ન વિશેષણ આપેલ છે.

૪) तेलुकफणिरिशिखपूइणहिं: ત્રણે લોકમાં રહેનાર અસુરેન્દ્રો, નરેન્દ્રો અને દેવેન્દ્રો દ્વારા તીવ્ર શ્રદ્ધા ભક્તિથી જે અવલોકિત છે. અસાધારણ ગુણોને કારણે પ્રશંસનીય છે, તેમજ પ્રશસ્ત મન, વચન અને કાયા દ્વારા વંદનીય અને નમસ્કરણીય છે. સર્વોત્કૃષ્ટ સન્માન તેમજ બહુમાન આદિ વડે પૂજિત છે.

૫) तीयपडुप्पण्णमणागयजाणएहिं: જે ત્રણે કાળને જાણનાર છે. આ વિશેષણ માયાવીઓમાં તો નથી હોતું પણ કેટલાક વ્યવહાર નયનું અનુસરણ કરતાં કહે છે કે વિશિષ્ટ જયોતિષી, તપસ્વી અને અવધિજ્ઞાની પણ ત્રણે કાળને ઉપયોગપૂર્વક જાણી શકે છે પરંતુ વાસ્તવમાં તે અપૂર્ણ જ્ઞાની જ હોય છે.

૬) सव्वण्णहिं: જે સર્વજ્ઞાની અર્થાત્ લોક અલોક આદિ સર્વ પદાર્થને જાણે છે, વિશ્વમાં રહેલ સંપૂર્ણ પદાર્થોને હસ્તામલકવત્ જાણે છે, જેના જ્ઞાનરૂપી દર્પણમાં દરેક દ્રવ્ય અને પર્યાય પ્રતિબિંબિત થાય છે, જેનું જ્ઞાન નિઃસીમ છે, તેના માટે આ વિશેષણનો પ્રયોગ કર્યો છે.

૭) सव्वदरिसीहिं: જે સર્વ દ્રવ્યો અને પર્યાયોનો સાક્ષાત્કાર કરે છે.

જે આ સાત વિશેષણોથી સંપન્ન છે, વસ્તુતઃ તેજ સર્વોત્તમ આપ્ત હોય છે. તેજ દ્વાદશાંગ ગણિપિટકના પ્રણેતા છે અને તેજ સમ્યક્ શ્રુતના સચિચિતા છે. ઉક્ત સાતે ય વિશેષણો તેરમા ગુણસ્થાનવર્તી તીર્થંકર દેવના છે.

ગણિપિટકઃ ગણિ એટલે આચાર્ય અને તેમની બાર અંગ સૂત્રરૂપ જ્ઞાનની પેટી એમ ગણિપિટકનો શબ્દાર્થ થાય છે. જેમ રાજા–મહારાજાઓ અને ધનાઢ્ય શ્રીમંતોને ત્યાં પેટીઓમાં હીરા, પન્ના, મણિ, માણેક ઈત્યાદિ ઝવેરાત અને સર્વોત્તમ આભૂષણો ભરેલા હોય છે, તેમ આત્મ કલ્યાણ માટે વિવિધ પ્રકારની શિક્ષાઓ, નવતત્ત્વ નિરૂપણ, દ્રવ્યોનું વિવેચન, ધર્મની વ્યાખ્યા, આત્મવાદ, ક્રિયાવાદ, કર્મવાદ, લોકવાદ, પ્રમાણવાદ, નયવાદ, સ્યાદ્વાદ, અનેકાંતવાદ, પંચમહાવ્રત, તીર્થંકર બનવાના ઉપાયો, સિદ્ધ ભગવંતોનું નિરૂપણ, તપ વિષેનું વિવેચન, કર્મગ્રંથી ભેદવાના ઉપાયો, ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવનો ઈતિહાસ, રત્નત્રયનું વિશ્લેષણ આદિ અનેક વિષયોનું જેમાં યથાર્થ નિરૂપણ કરેલ છે, તે પેટીનું જેવું નામ છે એવા જ સમ્યક્શ્રુત રત્નો એમાં નિહિત છે.

અરિહંત ભગવંતના અતિરિક્ત જે અન્ય શ્રુતજ્ઞાની છે તેઓ પણ સમ્યક્શ્રુત જ્ઞાન પ્રરૂપક થઇ શકે છે?

ઉત્તરઃ સંપૂર્ણ દશ પૂર્વધરથી લઇને ચૌદ પૂર્વધર સુધીના જેટલા પણ જ્ઞાની છે તેઓનું કથન નિયમથી સમ્યક્શ્રુત જ હોય છે. કિંચિત્ ન્યુન દશ પૂર્વધરોમાં સમ્યક્શ્રુતની ભજના છે અર્થાત્ તેઓનું શ્રુત સમ્યક્ શ્રુત પણ હોઈ શકે છે અને મિથ્યાશ્રુત પણ હોઈ શકે છે. કારણ કે મિથ્યાદષ્ટિ જીવો પણ પૂર્વોનું અધ્યયન કરી શકે છે પરંતુ તેઓ વધારેમાં વધારે કંઈક ન્યુન દશ પુર્વનું જ અધ્યયન કરી શકે છે કેમ કે તેનો સ્વભાવ જ એવો છે.

સારાંશ એ છે કે ચૌદ પૂર્વથી લઇને પરિપૂર્ણ દશ પૂર્વના જ્ઞાની નિશ્ચય સમ્યક્દષ્ટિ જ હોય છે. માટે તેમનું શ્રુત સમ્યક્શ્રુત જ હોય છે. શેષ અંગધરો અથવા પૂર્વધરોમાં સમ્યક્શ્રુત નિયમથી ન હોય. સમ્યક્દષ્ટિનું પ્રવચન જ સમ્યકશ્રુત બની શકે છે.

૬) મિથ્યાશ્રુતઃ પ્રશ્નઃ મિથ્યાશ્રુતનું સ્વરૂપ કેવું છે?

ઉત્તરઃ અજ્ઞાની અને મિથ્યાદષ્ટિઓ દ્વારા સ્વચ્છંદ અને વિપરીત બુદ્ધિ વડે કલ્પિત કરેલ

ગ્રંથ મિથ્યાશ્રુત છે જેમ કેઃ૧) મહાભારત ૨) રામાયણ ૩) ભીમાસુરોક્ત ૪) કૌટિલ્ય ૫) શકટભદ્રિકા ૬) ઘોટકમુખ ૭) કાર્પાસિક ૮) નાગ–સુક્ષ્મ ૯) કનકસપ્તતિ ૧૦) વૈશેષિક ૧૧) બુદ્ધવચન ૧૨) ત્રૈરાશિક ૧૩) કાપિલિય ૧૪) લોકાયત ૧૫) ષષ્ટિતંત્ર ૧૬) માઢર ૧૭) પુરાણ ૧૮) વ્યાકરણ ૧૯) ભાગવત ૨૦) પાતંજલિ ૨૧) પુષ્પદૈવત ૨૨) લેખ ૨૩) ગણિત ૨૪) સકુનિરૂત ૨૫) નાટક અથવા બોંતર કલાઓ તેમજ ચાર વેદ અંગોપાંગ સહિત. આ બધા મિથ્યાદષ્ટિ દ્વારા મિથ્યારૂપમાં ગ્રહણ કરાયેલ છે. માટે તે મિથ્યાશ્રુત છે. આજ ગ્રંથ સમ્યક્દષ્ટિ દ્વારા સમ્યક્ રૂપે ગ્રહણ કરાયેલ હોય તો સમ્યક્શ્રુત છે અથવા મિથ્યાદષ્ટિ પણ આ જ ગ્રંથશાસ્ત્ર થી પ્રેરિત થઈને પોતાના મિથ્યાત્વનો ત્યાગ કરી દે તો આ જ ગ્રંથ સમ્યક્ શ્રુત રૂપ થાય છે.

જેમ હંસ દૂધને ગ્રહણ કરી લે છે અને પાણી છોડી દે છે. સુવર્ણને શોધનાર માટીમાંથી સુવર્ણના કણોને શોધી લે છે અને માટીને છોડી દે છે. એ જ રીતે સમ્યક્દષ્ટિ નય–નિક્ષેપ આદિ વડે મિથ્યાશ્રુતને સમ્યક્શ્રુતમાં પરિણત કરી દે છે.

પ્રશ્નઃ મિથ્યાશ્રુત કોને કહેવાય?

ઉત્તરઃ મિથ્યાદષ્ટિ પોતાની સમજણ મુજબ જનતા સમક્ષ વિચાર રાખે, એ વિચાર તાત્વિક ન હોવાથી મિથ્યાશ્રુત કહેવાય છે અર્થાત્ જેની દષ્ટિ મિથ્યાત્વથી અનુરંજિત હોય તેને મિથ્યાદષ્ટિ કહેવાય છે. મિથ્યાત્વ દસ પ્રકારના છેઃ

૧) અધર્મને ધર્મ સમજવો

૨) અહિંસા, સંયમ, તપ તેમજ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ રત્નત્રય ધર્મને અધર્મ સમજવો.

૩) ઉન્માર્ગને સન્માર્ગ સમજવો અર્થાત્ સંસાર પરિભ્રમણ કરાવનાર દુઃખદ માર્ગને મોક્ષમાર્ગ સમજવો.

૪) જ્ઞાન દર્શન ચારિત્ર રૂપી મોક્ષમાર્ગને સંસારનો માર્ગ સમજવો

૫) અજીવને જીવ માનવો

૬) જીવમાં અજીવની સંજ્ઞા રાખવી

૭) અસાધુને સાધુ માને

૮) સાધુને અસાધુ માને

૯) અમુક્તને મુક્ત સમજે. જે જીવોએ કર્મબંધનથી મુક્ત થઇને સિદ્ધપદ પ્રાપ્ત કર્યુ નથી, તેને મુક્ત સમજે.

૧૦) જે આત્માઓ કર્મબંધનથી મુક્ત થઇ ગયા છે, તેને અમુક્ત સમજે.

૭–૧૦) સાદિ, સાંત, અનાદિ, અનંતશ્રુતઃ

પ્રશ્નઃ સાદિ સપર્યવસિત અને અનાદિ અપર્યવસિત શ્રુતનું સ્વરૂપ કેવું છે?

ઉત્તરઃ આ દ્વાદશાંગ રૂપ ગણિપિટક, વિચ્છેદ થવાની અપેક્ષાએ સાદિ–સાંત છે અને વિચ્છેદ નહિં થવાની અપેક્ષાએ આદિ અંત રહિત છે. આ શ્રુતજ્ઞાનનું સંક્ષેપથી ચાર પ્રકારે વર્ણન કરેલ છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

૧) દ્રવ્યથી સમ્યક્શ્રુત એક પુરુષની અપેક્ષાએ સાદિ સાંત છે. ઘણા પુરુષોની અપેક્ષાએ આદિ અનંત છે.

૨) ક્ષેત્રથી સમ્યક્શ્રુત પાંચ ભરત અને પાંચ ઐરાવતની અપેક્ષાએ સાદિ સાંત છે. પાંચ મહાવિદેહની અપેક્ષાએ અનાદિ અનંત છે.

૩) કાળથી સમ્યક્શ્રુત ઉત્સર્પિણી અને અવસર્પિણીની અપેક્ષાએ સાદિ સાંત છે. નોઉત્સર્પિણી નોઅવસર્પિણી અર્થાત્ અવસ્થિત કાળની અપેક્ષાએ અનાદિ અનંત છે.

૪) ભાવથી સર્વજ્ઞ સર્વદર્શી તિર્થંકરો જે ભાવ જે સમયે સામાન્ય રૂપથી કહેવાય છે, જે નામ આદિ ભેદ દર્શાવવા માટે વિશેષરૂપે કથન કરાય છે, હેતુ દ્દષ્ટાંતના ઉપદર્શનથી જે સ્પષ્ટતર કહેવાય અને ઉપનય અને નિગમનથી જે સ્થાપિત કરાય, તે ભાવોની અપેક્ષાએ સાદિ સાંત છે. ક્ષયોપશમ ભાવની અપેક્ષાએ સમ્યક્શ્રુત અનાદિ અનંત છે.

લોકાકાશ અને અલોકાકાશ રૂપ સર્વ પ્રદેશોને સર્વ આકાશ પ્રદેશોથી અનંતવાર ગુણાકાર કરવાથી જે સંખ્યા થાય એટલી જીવની જ્ઞાનગુણની પર્યાય છે. જ્ઞાનાવરણ કર્મથી તે આવરિત, અનાવરિત થતી રહે છે. તો પણ તે પર્યાયોને અનંતમો ભાગ તો ન્યુનતમ અનાવરિત જ રહે છે.

(૧૧–૧૪) ગમિક–અગમિકઃ

પ્રશ્નઃ ગમિક શ્રુતનું સ્વરૂપ કેવું છે?

સરખા વાક્યની બહુલતા વાળાને ગમિક શ્રુત કહે છે અને સરખા વાક્યોની બહુલતા જે સુત્રમાં ન હોય તેને અગમિક કહે છે.

જે શ્રુતના આદિ, મધ્ય અને અંતમાં થોડી વિશેષતાની સાથે ફરી ફરી એ જ શબ્દોનું,વાક્યોનું ઉચ્ચારણ થાય, જેમ કે ઉત્તરાધ્યયન સૂત્રના દસમા અધ્યયનમાં समयं गोयम! मा पमायण આ પદ પ્રત્યેક ગાથાના ચોથા ચરણમાં આપેલ છે. દૃષ્ટિવાદ બારમું અંગસુત્ર એ ગમિકશ્રુત છે.

જેના પાઠો એકસરખા ન હોય અર્થાત્ જે ગ્રંથ અથવા શાસ્ત્રમાં વારંવાર એકસરખા પાઠ ન આવે તેને અગમિક કહે છે. આચારાંગ આદિ કાલિકશ્રુતને અગમિક કહે છે.

જિનશાસનના આગમશાસ્ત્રો

અંગપ્રવિષ્ટ – અંગબાહ્ય આગમોઃ

શ્રુત સંક્ષેપમાં બે પ્રકારનું કહ્યું છેઃ અંગ પ્રવિષ્ટ ૨) અંગબાહ્ય

પ્રશ્નઃ અંગબાહ્ય શ્રુત કેટલા પ્રકારનું છે?

ઉત્તરઃ અંગબાહ્ય શ્રુત બે પ્રકારનું છે. ૧) આવશ્યક ૨) આવશ્યકથી ભિન્ન

પ્રશ્નઃ આવશ્યક શ્રુતનું સ્વરૂપ કેવું છે?

ઉત્તરઃ આવશ્યક શ્રુત છ પ્રકારનું છે ૧) સામાયિક ૨) ચતુર્વિશસ્તવ ૩) વંદણા ૪) પ્રતિક્રમણ ૫) કાયોત્સર્ગ ૬) પ્રત્યાખ્યાન

આચારાંગ સૂત્રથી લઇને દષ્ટિવાદ સુધી સર્વને અંગપ્રવિષ્ટ કહે છે અને તેનાથી અતિરિક્ત સર્વ અંગબાહ્ય છે.

તીર્થંકરોના ઉપદેશ અનુસાર જે શાસ્ત્રોની રચના ગણધર દેવ સ્વયં કરે છે તેને અંગસૂત્ર કહે છે અને અંગોનો આધાર લઇને જેની રચના સ્થવિર ભગવંત કરે છે તે શાસ્ત્રને અંગબાહ્ય કહે છે. આવશ્યક સૂત્રની રચના પણ ગણધરો કરે છે તો પણ તે અંગશાસ્ત્રો ભિન્ન હોવાતી અંગબાહ્ય છે.

ઉત્કાલિક સૂત્રઃ

પ્રશ્નઃ આવશ્યક સિવાય શ્રુતના કેટલા પ્રકાર છે?

ઉત્તરઃ આવશ્યક સિવાય શ્રુતના બે પ્રકાર છેઃ–

૧) કાલિક ૨) ઉત્કાલિક

પ્રશ્નઃ ઉત્કાલિક શ્રુત કેટલા પ્રકારે છે?

ઉત્તરઃ ૧) દશવૈકાલિક ૨) કલ્પાકલ્પ ૩) ચુલ્લકલ્પશ્રુત ૪) મહાકલ્પશ્રુત ૫) ઔપપાતિક ૬) રાજપ્રશ્નીય ૭) જીવાભિગમ ૮) પ્રજ્ઞાપના ૯) મહાપ્રજ્ઞાપના ૧૦) પ્રમાદાપ્રમાદ ૧૧) નંદી ૧૨) અનુયોગદ્વાર ૧૩) દેવેન્દ્રસ્તવ ૧૪) તંદુલવૈચારિક ૧૫) ચંદવિદ્યા ૧૬) સૂર્યપ્રજ્ઞાપ્તિ ૧૭) પૌરુષીમંડળ ૧૮) મંડળપ્રદેશ ૧૯) વિદ્યાચરણ વિનિશ્ચય ૨૦) ગણિવિદ્યા ૨૧) ધ્યાન વિભક્તિ ૨૨) મરણવિભક્તિ ૨૩) આત્મ વિશુદ્ધિ ૨૪) વિતરાગ શ્રુત ૨૫) સંલેખનાશ્રુત ૨૬) વિહારકલ્પ ૨૭) ચરણવિધિ ૨૮) આતુર પ્રત્યાખ્યાન ૨૯) મહાપ્રત્યાખ્યાન ઇત્યાદિ ઉત્કાલિક શ્રુત અનેક પ્રકારનું છે.

અસ્વાધ્યાયના સમયને છોડીને શેષ રાત્રિ અને દિવસ આઠે પ્રહરમાં અધ્યયન કરવામાં તેને ઉત્કાલિક શ્રુત કહે છે.

ઓગણીસ સૂત્રોના નામ ઉપર આપ્યા છે તેમાંથી આઠ ઉત્કાલિક સૂત્રો પ્રમાણ કોટિમાં સ્વીકારેલ છે અને ઉપલબ્ધ છે. તે આઠ સૂત્રોના નામઃ ૧) દશવૈકાલિક સૂત્ર ૨) ઔપપાતિક સૂત્ર

૩) રાજપ્રશ્નીય સૂત્ર ૪) જીવાભિગમ સૂત્ર ૫) પ્રજ્ઞાપના સૂત્ર ૬) નંદી સૂત્ર ૭) અનુયોગ દ્વાર સૂત્ર ૮) સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર.

કાલિક શ્રુતઃ

પ્રશ્નઃ કાલિક શ્રુત કેટલા પ્રકારનું છે?

ઉત્તરઃ ૧) ઉત્તરાધ્યયન સૂત્ર ૨) દશાશ્રુતસ્કંધ ૩) બૃહત્કલ્પ ૪) વ્યવહાર ૫) નિશીથ ૬) મહાનિશીથ ૭) ઋષિભાષિત ૮) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ૯) દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ ૧૦) ચંદ્રપ્રજ્ઞપ્તિ ૧૧) ક્ષુદ્રિકાવિમાન પ્રવિભક્તિ ૧૨) મહલ્લિકા વિમાન પ્રવિભક્તિ ૧૩) અંગચૂલિકા ૧૪) વર્ગચૂલિકા ૧૫) વિવાહચૂલિકા ૧૬) અરુણોપપાત ૧૭) વરુણોપપાત ૧૮) ગરુડોપપાત ૧૯) ધરણોપપાત ૨૦) વૈશ્રમણોપપાત ૨૧) વેલંધરોપપાત ૨૨) દેવેન્દ્રોપપાત ૨૩) ઉત્થાન શ્રુત ૨૪) સમુત્થાન શ્રુત ૨૫) નાગપરિજ્ઞાપનિકા ૨૬) નિરયાવલિકા ૨૭) કલ્પિકા ૨૮) કલ્પાવતંસિકા ૨૯) પુષ્પિકા ૩૦) પુષ્પચુલિકા ૩૧) વૃષ્ણિદશા.

દરેક તીર્થંકરના શાસનમાં દ્વાદશાંગ ગણિપિટકની જ રચના ગણધરો દ્વારા કરવામાં આવે છે. તે જ દ્વાદશાંગી સૂત્રો શાસનમાં પ્રવૃત્તિ આપે છે. સાથે દરેક તીર્થંકરના શાસનમાં લાંબા કાલ સુધી વિશિષ્ટ જ્ઞાની અર્થાત અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની થતા રહે છે. માટે ત્યાં દ્વાદશાંગી સિવાય કોઇ પણ નવા સૂત્રોની રચના, સંકલના કરવાની આવશ્યકતા રહેતી નથી પરંતુ ભગવાન મહાવીરના શાસનમાં હુંડા અવસર્પિણીના કાલ પ્રભાવથી અને ભસ્મગ્રહના પ્રભાવને કારણે વિભિન્ન આગમોની રચનાની કે સંખ્યાની પરિસ્થિતિ ઉભી થઇ છે. અને ભિન્ન ભિન્ન પરંપરાઓ આગમ સંખ્યા માટે જોવા મળે છે.

આ સૂત્રમાં જે કાલિક સૂત્રોની સૂચી આપેલ છે તેમાંથી ૧) ઉત્તરાધ્યયન સૂત્ર ૨) દશાશ્રુતસ્કંધ સૂત્ર ૩) બૃહદકલ્પ સૂત્ર ૪) વ્યવહાર સૂત્ર ૫) નિશીથ સૂત્ર ૬) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર ૭) ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર ૮) નિરયાવલિકાદિ એટલે ઉપાંગ સૂત્ર. આ આઠ કે તેર સૂત્રો અંગબાહ્ય કાલિક સૂત્રોના રૂપમાં ઉપલબ્ધ છે. અને પ્રમાણકોટિમાં સ્વીકારેલ છે.

અંગ પ્રવિષ્ટ શ્રુતઃ

અંગ પ્રવિષ્ટ શ્રુત કેટલા પ્રકારનું છે?

અંગ પ્રવિષ્ટ શ્રુત બાર પ્રકારનું છેઃ ૧) આચારાંગ સૂત્ર ૨) સૂત્રકૃતાંગ સૂત્ર ૩) સ્થાનાંગ સૂત્ર ૪) સમવાયાંગ સૂત્ર ૫) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર ૬) જ્ઞાતાધર્મ કથાંગ સૂત્ર ૭) ઉપાસક દશાંગ સૂત્ર ૮) અંતકૃત દશાંગ સૂત્ર ૯) અનુત્તરો પપાતિક દશાંગ સૂત્ર ૧૦) પ્રશ્ન વ્યાકરણ સૂત્ર ૧૧) વિપાક સૂત્ર ૧૨) દૃષ્ટિવાદ સૂત્ર.

આઠમું પ્રકરણ સંપૂર્ણ

નવમું 'દ્વાદશાંગ પરિચય' નામક પ્રકરણ અહિં આલેખવામાં આવ્યું નથી.